બહાદુરી પૂર્વક પાછા ફરી ગયા અને અદ્રશ્ય થઇ ગયા. એ શરીર લેખોના કોઇ ધંધાધારી લેખકે કોઇ વેષધારીએ હમણાં હમણાં ધર્મસેવકનું અંગ સજર્યું છે જુહાણા, સુધારા, પ્રગતિ, અને વિકાસની નિંદા. એ બધી આ સડેલા શાસનપક્ષની મિસ મેઘોને શરમાવે તેવી ગટર મુકાદમો જેમની તેમ કાયમ છે. આ લેખક પોતાનું ખરૂં નામ આપતાં ડરે છે કે શરમાય છે? તેથી તેનું પ્રચાર કાર્ય નામજોગ નથી કરી શકાતું; તેટલું હલકી કોટીનું અને નિંદ્ય છે એ સાબીત છે. આ માણસે ધર્મ-સેવકનું નામ ધારણ કરી, ધર્મને અને એના અનુયાયીઓને શોભાવવાને બદલે નિંદાવ્યા છે. કોઇ અપક્ષપાત જૈનેતર ધર્મ સેવકો કેવા હોય છે તેનું માપ આ ધર્મસેવકની મનોદશા પરથી બેસવા માગે તો સાચેજ ધર્મના સંબંધમાં તે હલકામાં હલકો અભિપ્રાય બાંધવાની ભૂલ કરી બેસે. વેષધારી ટોળકીના થોડા ગુલામોના આ ભાડુતી ધંધાધારી લેખકો કે કોઇ વેષધારી પોતાના લેખની સાથે ધર્મશાસન કે એવા પવિત્ર અને તારક શબ્દોનો ઉપયોગ કરતાં અટકે તો તેમાં ધર્મ અને શાસનની સેવા છે, પણ ધર્મ અને શાસનની સેવાના બુર્ખા નિચે શાસન અને ધર્મનો નર્યો દ્રોહ કરતી આ ટોળકીને એ સદ્‌બુદ્ધિ શે સુઝે? ગઇ તા ૩-૬-૩૦ ના મુંબઈ સમાચારમાં ધર્મ સેવકનો બુર્ખો ઉંચકાય છે અને પડદા નીચે રહેલું એણે પોતાનું જે અસલ સ્વરૂપ પ્રકટ કર્યું છે તેની જાંખી લઇએ. એ કહે છે કે વાગડવાળા ઉપાધ્યાય પં. શ્રી. કનકવિજયજી ગણી સમક્ષ અમદાવાદના સાંકળચંદે દિક્ષા લીધી તેમાં મુંબઇ અને રાધનપુરના સુધારક યુવકોએ ભાગ લીધો અને એ દિક્ષા કોન્ફરન્સના ઠરાવને અનુકુળ ન હતી. કોન્ફરન્સના ઠરાવમાં યોગ્ય જાહેરાત એ શબ્દોને ઉડાવી દઇ તે મહિના પહેલાંની જાહેરાતની ગોઠવણી કરે છે. હું જાણું છું ત્યાં લગી તો ભાઇ સાકળચંદની દીક્ષાની જાહેરાત મુંબઇના દૈનિક પત્રોમાં, જૈન, આ પત્રિકા, વિગેરે અનેક પત્રોમાં થઇ હતી. કુટુંબી ઓની રજા હતી અને સ્થાનિક સંઘ સંમત હતો. આ ખુલ્લી વાત છતાં ધર્મસેવક ધર્મને નામે ઉંધો કક્કો ઘુંટાવે છે અને પોત પ્રકાશે છે. તેણે બીજું એ બાફ્યું છે કે સુધારકો અને યુવાનો જૈન મુનિઓને દારૂનાં પીઠાં પર ચોકી કરવાનું કહે છે, તો પોતાના પક્ષના કેટલા મુનિઓ ચોકી કરે છે? પીઠાં પર ચોકી કરવાની ભલામણ માત્ર શાસન પક્ષના મોખરે ધાંધલ કરતા મુનિઓ માટેજ છે, એ તો ધર્મ-સેવકના ભેજાની ભ્રમણા છે. પ્રગતિવાન યુવાનો અને સાચા સુધારકોને મુનિઓ પરત્વે પક્ષ હોવાની વાત જુઠી છે. પીઠાં પર ચોકી કરવાની મુનિઓની ફરજ વિષેનું કથન પંડિત સુખલાલજી, લેખક અને બીજાઓનું છે અને તે સર્વસામાન્ય શ્રમણ સમાજ માટે છે. ધર્મસેવક શ્રમણોનું આ કર્તવ્ય નથી, એમ કહેવાની હિમ્મત તો નથી કરી; પણ તે શબ્દ-છળ રચે છે કે રાત્રીના દશ વાગ્યા સુધી પીઠાં ઉપર મુનિઓ કેમ જઇ શકે? પણ કોણે કહ્યું છે કે મુનિઓએ રાતના દશ વાગ્યા સુધી જવું. ગૌચરી કરી બપોરના બારથી તે સાંજના પાંચ લગી મુનિઓ જાય તેમાં ધર્મસેવક અને એના માનેલા મુનિઓને હરકત ન હોય તો બાકીના સમયની ગોઠવણ માટે ધર્મસેવકે ચિંતા કરવાની નથી પણ સાચી વાત તો એજ છે કે રાત્રીના ન જવાય એ બહાના નીચે કર્તવ્યભ્રષ્ટતા અને અકર્મણ્યતા છુપાવી છે પણ એ વાકછળથી છળવાના ટુંકા દહાડા આંગળીનાં વેઢે ગણાય છે, તે ધર્મસેવક સમજી લે ધર્મસેવકનું ત્રીજું તુત એ છે કે દીક્ષા માટે નાસભાગ કરાવવામાં આવતી નથી અને ઉઠાવગીરી થતી નથી. એના ટેકામાં એડવોકેટ અમીચંદની ચેલેન્જ આગળ ધરે છે અને સાબીતી માગે છે. અમીચંદભાઇ અને મગનલાલ મોદી જેવાઓની આંધળી વકીલાત નગદ સત્ય સમક્ષ નહિ ટકે તે ધર્મસેવકે સમજવું રહ્યું.

રતનબાઇનો કેસ; વાસદનો વરઘોડો; મુનિઓને મગેલ મેથીપાક, શ્રી પ્રતાપ વિજયજી પાછળ, વાગડ, વડોદરા, મહેસાણા વિગેરે સ્થળે નિકળેલ વોરંટો અને ટંકારા, પાટણ, અમદાવાદ, સુરત, વડોદરા અને જામનગરમાં થએલાં ધાંધલવાળાં દાખલાઓ ધર્મ સેવક ન જાણે કે જાણવા છતાં જતાં કરે અને એડવોકેટ સાહેબના ચરમે ન ચડે તેમાં દોષ કોનો? કહેવાતો ધર્મ પક્ષ રાષ્ટ્રહીત વિરોધી છે તેણે દેશ ધર્મોત્થાપક સભા, સંમેલન કે કહેવાતા સોસાયટી સંમેલનમાં દેશહીતને લગતો ઠરાવ એક ન કર્યો એ એનો પૂરાવો છે. જૈન જનતા આ ધમાલીયા વર્ગને દેશદ્રોહી કહે છે એ ધર્મસેવકને નિભાવનાર ટોળકીને ખૂંચે છે. ધર્મ સેવક એના એ લેખમાં કળીયુગની મિમાંસા કરે છે. એ નવી શોધ સમાજે સમજવાની હોઇ એનાજ શબ્દોમાં આ નિચે ઉતારૂં છું.

"આ યુગ કળીયુગ નહિં પરંતુ કરયુગ છે—હાથયુગ છે અર્થાત સત્ય પણ ત્યારેજ તરી શકે છે કે જ્યારે સત્યના અનુયાયીઓ હાથ અને જીભ ચલાવે છે" પ્રભુ? મહાવીરે આ યુગને કળીકાળ કહ્યો છે સ્મૃતિકારો એને 'કળીયુગ' કહે છે ત્યારે ધર્મસેવકને પોતાના પ્રચાર માટે રોકનાર ટોળકીનો સુર છે કે આતો કરયુગ છે—હાથયુગ છે. અને સત્યની તારવણી માટે સત્યના અનુયાયીઓએ હાથ અને જીભ ચલાવવી જોઇએ. આ માન્યતા વાણીમાં આજે પ્રગટ થાય છે પણ જુન્નેરમાં આ પહેલાં ક્રિયામાં તો ક્યારની મુકાઇમાંજ મુકી દીધી હતી. સત્યની તારવણી માટે એ ગુંડાઓએ હાથ બરાબર ચલાવ્યો, પથરા ઉડાડયા અને મુંબઇ લગી સત્યની તારવણી કરતા કરતા પાછા ફર્યા; વચ્ચે પુનામાં પણ કરયુગના અનુયાયીઓએ ઉપાશ્રય આગળ હાથ બતાવ્યો અને જીભ તો સોસાયટી સમ્મેલન અને કહેવાતા દેશવિરતિઓના સભામાં ક્યાં ઓછી ચલાવી છે? બહિષ્કાર, ઝેરમું, દફન, અમે સારા બીજા બધા ખરાબ, અમે ધર્મી બાકી બધા અધર્મી એ રીતે વર્ષોથી જીભ ચલે છે અને તે ત્યાં લગી કદાચ ચાલશે કે પોતાના બાપડી છોકરાંનો પણ બહિષ્કાર કરી લે; આમ આ પક્ષ, શાસન પક્ષ, શાસન રસીક, ધર્મી વર્ગના તખ્તાઓમાંથી નિપુણતા પૂર્વક હટી જાય હવે કરયુગ અને જીભયુગમાં પેઠા છે. અને હાથ અને જીભ ચલાવી ભીંડી બજારની લાયકાત મેળવતો જાય છે. આ લાયકાત જેમ વધશે તેમ સમાજ એમને નવગજના નમસ્કાર કરશે 'જય કરયુગ' શ્રી વિજય સીધજી અજીમગંજવાળાએ શ્રી સાગરજી સમક્ષ સ્વીકારેલ સામાયીકના પરિણામે એમને પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ, એ વાત એ પક્ષનું વાજીંત્ર ખુદ અમદાવાદનું શુક્રવારીયુંજ એના સમ્મેલનોના ખાસ અંકમાં લખે છે છતાં ધર્મસેવક પ્રભાવી પત્રની શ્રી સાગરજી બદલે દાનવિજયજી લખાઇ ગયાની નિર્જીવ ભુલપર મદાર બાંધી પ્રભાગધુનો લેખક મેરૂ રાજાબહાદુરના મુખમાં સામાયીકથી પુત્ર મળવાની વાત મુકે છે એમ લખી રાજાબહાદુર તેમ બોલ્યા ન હોય એવો મિથ્યા વાત કરી જનતાને છેતરે છે. આ બધા ધર્મપક્ષના જુઠાણાઓ, દંભો અને પ્રલાપો કોઇ ધર્મસેવકના નામે કેવી રીતે સહૃદયી પ્રકટ થાય છે અને જનતાને ભમાવવાનો યત્ન થાય છે તેના નમુના છે. શ્રી જીનવિજયજીએ દશ વર્ષ પહેલાં મુનિવેષનો ત્યાગ કર્યો છે. સાધુતાનું રાજીનામું વર્તમાન પત્ર દ્વારા જાહેર કર્યું છે છતાં જ્યારે શ્રી જીનવિજયજી જેલની દિવાલો પાછળ પુરાય છે તે તકનો લાભ લઇ છાપાવાળાઓએ એમના નામ સાથે જોડેલુ મુનિ શબ્દનું બહાનું લઇ એ આઝાદ, દેશપ્રેમી અને કર્તવ્ય પરાયણ પુરૂષને પીઠ પાછળ ઘા કરવાનું એમને નિંદવાનું અને ઉતારી પાડવાનું હિચકારૂં કૃત્ય ધર્મ સેવકની લેખીની કરે છે. સાચેજ આવા ધર્મસેવકોથી સેવા, ધર્મ, કર્તવ્ય અને શાસન લાજે છે, ભૂમિ ભારે મરે છે, સમાજ આ પાપીથી ચેતે, એજ અભ્યર્થના.

પંડિત આણંદજી દેવસિંહ શાહ.

# પુનામાં શ્રી આત્મારામજી મહારાજની ઉજવાયલી ૩૫ મી જયંતી.

પુના જૈન કલબ તરફથી સ્વર્ગવાસી ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદ સૂરિશ્વરજી પ્રસિદ્ધનામ શ્રી આત્મારામજી મહારાજની ૩૫ મી જયંતી (સ્વર્ગતિથિ) મરહુમના પટ્ટધર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીના પ્રમુખપણે ઉજવવામાં આવી હતી. જેઠ સુદિ ૮ ની મંગળ પ્રભાતે જાહેર ખબરાનુસાર વેતાલ પેઠની જૈન ધર્મશાળા શ્રાવક શ્રાવિકાઓથી ચીકાર ભરાઇ ગઇ હતી. આ પ્રસંગનો લાભ લેવા ફર્ગ્યુસન કોલેજના અર્ધમાગધી ભાષાના પ્રોફેસર "ગુરૂ" સાહેબ તથા અન્ય જૈનેતર વિદ્વાનો પધાર્યા હતા. નવ વાગતાં બાલીકાઓએ પ્રભુસ્તુતિ કરી, પછી ગુરૂપૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યશ્રીએ (પ્રમુખ સાહેબે) મંગલાચરણ કરી કાર્યની શરૂઆત કરવામાં આવતાં પૂ૦ શ્રી રાજવિજયજી મહારાજે શ્રી આત્મારામજી મહારાજનો દાખલો લઇને સમયાનુસાર વર્તવા માટે ભલામણ કરી હતી. પછી શા. ચુનીલાલ વોરાએ બોલતાં જણાવ્યું હતું કે મૂર્તિપૂજા અત્યંત જરૂરી વસ્તુ છે. દાખલા સહિત મૂર્તિપૂજાની જરૂરત બતાવી હતી. ત્યારબાદ મુનિ ચરણવિજયજીએ ગુરૂદેવના જીવનચરિત્રના કેટલાક દાખલાઓ ઉપર સુંદર વિવેચન કર્યું હતું. પ્રોફેસર ગુરૂએ બોલતાં જણાવ્યું હતું કે "શ્રી આત્મારામજી મહારાજ જૈનોમાં મહાન સત્પુરૂષ થઇ ગયા છે. એઓશ્રીની સ્તુતિ પાશ્ચાત્ય વિદ્વાનોએ મુક્ત કંઠે કરી છે. હોર્નલ સાહેબે શ્રી આત્મારામજી મહારાજને ઘણા વિકટ પ્રશ્નો પુછ્યા હતા જેનો ઉત્તર આત્મારામજી મહારાજે સવિસ્તર શીઘ્ર આપ્યો હતો તે. માટે શ્રી આત્મારામજી મહારાજનો આભાર પ્રદર્શિત કરતાં જે પત્ર હોર્નલ સાહેબે લખ્યો હતો તે વાંચી સંભળાવ્યો હતો અને ઉક્ત સાહેબે જે શ્રી આત્મારામજી મહારાજની સંસ્કૃતમાં સ્તુતિ કરી હતી તે શ્લોકો-જન સમક્ષ સઅર્થ વાંચી સંભળાવ્યા હતા. અંતમાં પ્રોફેસરે જણાવ્યું કે જૈનોમાં જે મુનિ સંસ્થા છે તેવી બીજા કોઇ પણ ધર્મમાં નથી કારણ કે એવો ખડતર સંન્યાસ ધર્મ પાળવો બહુજ મુશ્કેલ હોય છે. જૈનોની મુનિ સંસ્થા જૈન સમાજને માટે ભૂષણરૂપ છે અને તેને લઇનેજ શ્રીમહાવીરના સમયથી આજ સુધી જૈન ધર્મ બીજા ધર્મોના સામે ટકી રહ્યો છે અને મુનિ પરંપરા પણ અખંડિત થઇ રહી છે" આ પ્રમાણે પ્રોફેસર ગુરૂએ પોતાનું વક્તવ્ય પુરૂં કર્યા બાદ પોપટલાલ સાહે ગુરૂદેવના પવિત્ર ચરિત્ર ઉપર ટુંકમાં સુંદર વર્ણન કર્યું હતું. ત્યાર બાદ શેઠ બાલુભાઇ ચાનાચંદે પોતાનો પાલીતાણા ઉપર આપેલી આચાર્ય પદ્વીનો પ્રસંગ જાતે અનુભવેલો કહી સંભળાવ્યો હતો. અનંતર પ્રમુખ સાહેબ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ નીચેનું સાર ગર્ભિત મનોહર બોધપ્રદ શૌર્યતાભરેલું વ્યાખ્યાન આપ્યું હતું—જે જગ્યાએ જે મહાપુરૂષની જરૂરીઆત હોય છે તે જગ્યાએ તેની યોજના કેવી રીતે થાય છે તે કહી શકાતું નથી. પંજાબની તે વખતની હાલત જોતા પુજ્ય આત્મારામજી મહારાજનીજ ત્યાં જરૂરીઆત હતી એમ કહેવું પડે છે અને તે જરૂરીઆત અકલ્પિત રીતે પુરી પડી. મહારાજનો જન્મ નથી કોઇ પોરવાડને ત્યાં કે ઓશવાળને, અગ્રવાલને કે દશા શ્રીમાળી આદિને ત્યાં. તેઓશ્રી તો બ્રહ્મ-ક્ષત્રિય કુળમાં જનમ્યા અને તેથીજ યુગપુરૂષ બન્યા. કોઇ વાણીઆમાં જનમ્યા હોત તો આટલા પ્રભાવશાળી ન નિવડ્યા હોત.

પંજાબમાં તે વખતે સર્વત્ર સ્થાનકવાસીઓનોજ અડ્ડો જામ્યો હતો તેથી કરીને મહારાજશ્રી ઉપર પ્રારંભમાં તે પંથનીજ અસર થઇ. કેટલાક વર્ષો તે અવસ્થામાં ગાળ્યા બાદ તેઓશ્રીને સત્યમાર્ગનું ભાન થયું અને તેઓશ્રી મૂર્તિપૂજક શ્વેતાંબર સાધુ બન્યા. જ્યારે તેઓશ્રીએ એમ કર્યું ત્યારે સ્થાનકવાસીઓ ચીડાયા અને તેઓશ્રીનો બહિષ્કાર કર્યો. આહાર ન આપવો, પાણી ન આપવું, રહેવાનું સ્થાન ન આપવું આવી સખ્ત ઉદ્‌ઘોષણા સ્થાનકવાસીઓએ જાહેર કરી પરંતુ સત્યની ખાતર તેઓશ્રીએ બધો ત્રાસ સહન કરી પોતાની અટલ શ્રદ્ધા પર મક્કમ રહી પોતાનો સત્યમાર્ગ હમેશાને માટે પંજાબમાં ખુલ્લો કરી દીધો. હાલમાં ગાંધીજીના સત્યાગ્રહ ઉપર જે સિતમ ગુજારવામાં આવે છે, પ્રાય તેરીજ રીતે ત્યારે શ્રી આત્મારામજી મહારાજ ઉપર ગુજારવામાં આવ્યો હતો. જે લોકોનો અડ્ડો જામ્યો હોય છે, તે એકદમ છોડી મુકે એમ કેવી રીતે થાય? પણ અંતે તો સત્યનો જય થાય છે અને એટલા માટેજ આજે પંજાબમાં પંદર હજાર મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોની વિશાલ સંખ્યા આપણે જોઇ શકીએ છીએ. આચાર્યશ્રીએ પંજાબ ઉપર ઘણા ઉપકાર કર્યા છે માટે બીજા પ્રાંતોની બાબતમાં હોય કે ન હોય પરંતુ પંજાબની બાબતમાં તો નિઃસંદેહ આચાર્યશ્રી યુગ પુરૂષજ છે. તેઓ શ્રીએ '**બૅ. વીરચંદ ગાંધી**'ને વિલાયત અને અમેરિકા ધર્મપ્રચાર કરવા માટે મોકલ્યા. ખુદ પોતાને ધર્મપ્રચાર કરવાની અને ગ્રન્થ લેખનની ઘણીજ હુમસ હતી. તેઓશ્રીએ જે "**અજ્ઞાન તિમિર ભાસ્કર**" લખ્યો હતો તેમાંના કેટલાક ઉદ્‌ગારો તે વખતના શ્રાવકો પચાવી પણ નહી શકયા હતા. કોઇ તે ગ્રન્થ છપાવવા માટે પણ તૈયાર થતા ગભરાતા હતા. આચાર્યશ્રીએ કહ્યું કે લેખક તરીકે મ્હારા ઉપર આપત્તિ આવશે. તમોને ગભરાવવાનું શું કારણ છે? તો પણ કેટલોક ફેરફાર કરીને તે ગ્રન્થો છપાવવામાં આવ્યા. પરદેશી વિદ્વાનોને જૈન સંબંધી ગ્રન્થ સાહાય આપવાની ઉદારતા પહેલ પ્રથમ આજ આચાર્યશ્રીએ કરી હતી. પ્રાચીન ગ્રંથોનું સંશોધન કરવાની તેઓશ્રીને એટલી તાલાવેલી હતી કે એક વખતે શ્રી શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજે જેસલમેરથી ચોમાસા માટે પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું કે અહિંના ગ્રન્થ ભંડારો બહુજ પ્રાચીન છે ને પડ્યા પડ્યા સડી રહ્યા છે; જો આપની મરજી હોય તો આ ચોમાસું કરવાની આજ્ઞા આપો." આના ઉત્તરમાં આચાર્યશ્રીએ જણાવ્યું કે એક ચોમાસું તો શું પરંતુ હું આવા કામને માટે બાર વર્ષ રહેવાની રજા આપું છું. સજ્જનો! કેટલી ઉદાર ભાવના? કેટલો પ્રેમ? આચાર્યશ્રી હયાત હોત તો સંઘની જે હાલત તમો અમ્હે હાલમાં જોઇ રહ્યા છીએ તે થાત ખરી કે? કદાપી નહી. તેમજ હાલમાં જે હિલચાલ ચાલી રહી છે તેમાં પણ તેઓના ક્ષાત્ર તેજની ઝલક આપણને માલમ પડી આવત. પરંતુ કુદરત કાળની ગતિ વિચિત્ર હોવાથી આચાર્યશ્રી પોતાની પુરા સાઠ વર્ષની જીંદગી પૂર્ણ કરી જેઠ સુદી આઠમના રોજ આ ફાની દુનીયાનો ત્યાગ કરી સ્વર્ગસ્થ થયા, આ સંસારમાંથી અદ્રશ્ય થઇ ગયા. આચાર્યશ્રીજીની ઘણી આશાઓ અધુરી રહેલી છે તે પુરી કરવાનું કામ અમારૂં તમારૂંજ છે, આજકાલની હીલચાલમાં જે વીર પુત્રો સામેલ થયા છે, તેઓના માટે આજના શુભ દિવસે થોડુંક ફંડ એકત્ર કરવામાં આવે તો આ જયંતી ઉજવવાની સાર્થકતા ગણાય. આ પ્રમાણે આચાર્યશ્રીજીએ પોતાનું વ્યાખ્યાન પુરૂં કર્યું હતું.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૪ મો. | સંવત ૧૯૮૬ ના જેઠ સુદી ૧૩. તા૦ ૯-૬-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## અનેકાન્તવાદ અને વર્તમાન કાળ.

(પંડિત સુખલાલજીના 'અનેકાન્ત વાદની મર્યાદા'ના લેખમાંથી ઉદ્ધૃત.)

જે સમયે રાજકીય ક્રાંતિનું અનિષ્ટ પરિણામ સ્થાયીરૂપે ધ્યાનમાં આવ્યું ન હતું, સામાજિક બદીઓ આજની માફક ખટકતી ન હતી, ઔદ્યોગિક અને ખેતીની સ્થિતિ આજની માફક અસ્તવ્યસ્ત ન હતી, સમજપૂર્વક યા સમજ્યા વિના પણ લોકો પોતાની સ્થિતિ પર સંતુષ્ટ હતા અને જ્યારે અસંતોષનો દાવાનળ આજની માફક ચારે બાજુ વ્યાપક બનેલો ન હતો ત્યારે આધ્યાત્મિક સાધનામાંથી ઉત્પન્ન થયેલ અનેકાંતદૃષ્ટિએ કેવળ દાર્શનિક પ્રદેશોમાં રહી માત્ર ચર્ચા તેમજ વાદવિવાદનો વિષય બની જીવનથી જુદો રહેવા છતાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવ્યું, કાંઈક પ્રતિષ્ઠા પણ મેળવી: જે સર્વ તે સમય માટે બરાબર હતું, પરંતુ આજે એ સ્થિતિ પલટાઈ છે. દુનિયાના ગમે એ ધર્મનાં તત્ત્વો ભલે ગંભીર હોય, પરંતુ જો તે માત્ર ધર્મની સંસ્થાઓ, તેના પંડિતો અને ધર્મગુરૂઓનાં પ્રવચનો સુધીમાંજ પરિમિત–સંકુચિત રહેશે તો આ વૈજ્ઞાનિક પ્રભાવવાળા યુગમાં તેની કદર પુરાણી કબરથી વધારે તો નથીજ થવાની. અનેકાંતદૃષ્ટિ તથા તેની આધારભૂત અહિંસા એ બે તત્ત્વો મહાનમાં મહાન છે; તેનો પ્રભાવ અને પ્રતિષ્ઠા જમાવવામાં જૈન સંપ્રદાયનો ભારે હિસ્સો પણ છે, પરંતુ આ વીસમી સદીનાં ગહન રાષ્ટ્રીય અને સામાજિક જીવનમાં તે તત્ત્વોથી જો કાંઈ ફાયદો ન થાય તો મંદિર, મઠ કે ઉપાશ્રયમાં હજારો પંડિતોદ્વારા કોલાહલ મચાવવા છતાં પણ તેને કોઈ પૂછવાનુંય નથી, એ નિ:સંશય વાત છે. જૈનલિંગધારી સેંકડો ધર્મગુરૂઓ અને સેંકડો પંડિતો અનેકાંતના વાળ તો નિરંતર ચીંથ્યા કરે છે અને અહિંસાની સૂક્ષ્મ ચર્ચાઓ કરી લોહી સૂકાવે છે તેમજ માથાફોડ કરે છે; તેમ છતાં પણ લોકો પોતાની સ્થિતિના સમાધાન માટે તેમની પાસે નથીજ જતા. કોઈ યુવક તેમની પાસે પહોંચી જાય અને તેને પૂછે કે 'આપની પાસે જ્યારે સમાધાનકારી અનેકાંતદૃષ્ટિ અને અનેકાંત તત્ત્વ મોજુદ છે, ત્યારે આપ બીજાઓ–જૈનેતરોની માફક માંહોમાંહે તકરાર શા માટે કરો છો? મંદિર, તીર્થ, ધાર્મિક અને સામાજિક રીતરીવાજો જેમકે–વેશ કેટલો અને કેમ રાખવો? હાથમાં શું અને કેમ પકડવું? આદિ ખીચરમત વાતોને માટે આપ માંહોમાંહે કેમ લડો છો? શું આપનો અનેકાંતવાદ એ વિષયમાં કોઈ માર્ગ કાઢી આપતો નથી? શું આપના અનેકાંતવાદ અને અહિંસા તત્ત્વમાં પ્રીવીકાઉન્સીલ, હાઈકોર્ટ અથવા મામુલી અદાલત જેટલી પણ સમાધાનકારક શક્તિ નથી? શું આપની અહિંસા આપણી સૂક્ષ્મ ચર્ચાને માટે મારામારી કરવામાં અને અહિંસાની ઉપેક્ષા કરવામાં અયોગ્યતા નથી દર્શાવતી? અમારી રાજકીય અને સામાજિક અવનતિને ઉન્નતિમાં લઈ જવાની શક્તિ શું આ બે તત્ત્વમાં નથી? જો આ સર્વ પ્રશ્નોના સરળ અને સમાધાનકારક ઉત્તર આપ 'હા'માં ના આપી શકો તો આપની પાસે આવીને અમે શું કરવાના? અમારા જીવનમાં તો ડગલે અને પગલે અનેક મુશ્કેલીઓ આવ્યાં કરે છે તેને પહોંચી વળ્યા વિના જો અમે હાથમાં પોથી રાખી કથંચિત્ એકાનેક, કથંચિત્ ભેદાભેદ અને કથંચિત્ નિત્યાનિત્યનું ખાલી નાહું પકડી રાખીએ તો અમને શો લાભ થાય? તથા અમારા વ્યાવહારિક તેમજ આધ્યાત્મિક જીવનમાં શો ફેર પડે? આ સઘળા પ્રશ્નો સ્વાભાવિક છે; પરંતુ તેનો ઉત્તર આજે તેમની પાસેથી મળવો અસંભવિત છે.

એમાં સંદેહ નથી કે અહિંસા અને અનેકાંતની ચર્ચાવાળી પોથીઓની, એ પોથીઓના ભંડારોની, તેના રચનારના નામોની, તથા તેના રચનારસ્થાનની એટલી બધી પૂજા થાય છે કે તેમાં માત્ર ફુલજ નહિં પણ, સોના ચાંદી અને જવે-રાતના પણ ઢગલા થઈ જાય છે; તો પણ તે પૂજા કરનાર અને કરાવનારના જીવન બીજા સામાન્ય માણસની માફક પામરજ દેખાય છે; બીજી તરફ નજર કરતાં અમને સ્પષ્ટ દેખાય છે કે હિંસાની સાપેક્ષ સૂચના કરનાર ગાંધીજીના અહિંસા તત્ત્વ તરફ આખી દુનીઆ જોઈ રહી છે અને તેમના સમન્વયશીલ વહેવારના કારણે તેમના પ્રતિપક્ષી પણ આશ્ચર્ય પામે છે. ભ૦ મહાવીરની અહિંસા અને અનેકાંતની દાંડી પીટનારા તરફ કોઈ બુદ્ધિમાન આંખ પણ ફરકાવતા નથી; જ્યારે ગાંધીજીની તરફ આખો વિચારશીલ વર્ગ ધ્યાન આપી રહ્યો છે. આ તફાવતનું કારણ શું? આ સવાલના જવાબમાંજ બધું આવી જાય છે.

### હવે કેવો ઉપયોગ થવો જોઇએ?

અનેકાંતદૃષ્ટિ જો આધ્યાત્મિક માર્ગમાં સફળ થઈ શકે અને અહિંસાનો સિદ્ધાન્ત જો આધ્યાત્મિક કલ્યાણનું સાધન થઈ શકે તો એમ માનવું જોઈએ કે એ બન્ને તત્ત્વ વ્યાવહારિક જીવનના પણ કલ્યાણકારક સાધન અવશ્ય થઈ શકે, કારણ કે જીવન વ્યાવહારિક હોય કે આધ્યાત્મિક, પરંતુ તેની શુદ્ધિના સ્વરૂપમાં ભિન્નતા નથી હોતી; અને આપણે માનીયે છીયે કે જીવનની શુદ્ધિ અનેકાંતદૃષ્ટિ અને અહિંસા સિવાય બીજે પ્રકારે થઈ શકતી નથી, એથીજ આપણે આધ્યાત્મિક કે વ્યાવહારિક ગમે તે જીવન પસંદ કરીએ તો પણ જો તેને ઉચ્ચ બનાવવું હોય તો તે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અનેકાંતદૃષ્ટિ અને અહિંસા તત્ત્વને વિચારપૂર્વક લાગુ પાડવાં જોઇએ. જેઓ વ્યાવહારિક જીવનમાં આ બે તત્ત્વોના

પ્રયોગ શક્ય માનતા નથી તેમને કહેવાતા આધ્યાત્મિક જીવનને અથવા પશુજીવનને ધારણ કરવું જોઇએ. આ દલીલના ફળ રૂપે ઉઠેલો પ્રશ્ન એ છે કે આ સમયે આ બે તત્વોનો ઉપયોગ વ્યાવહારિક જીવનમાં કેમ કરી શકાય ? તેના ઉત્તરમાં જ અનેકાંતવાદની મર્યાદા છે.

જૈન સમાજના વ્યવહારિક જીવનની કેટલીક સમસ્યાઓ આ છે:—

૧ આખા વિશ્વની સાથે જૈનધર્મનો અમલી મેળ કેટલો અને કેવા પ્રકારે થઇ શકે છે ?

૨ રાષ્ટ્રીય અવનતિ કે ઉન્નતિના સમયે જૈનધર્મ કેવો વહેવાર રાખવાની છુટ આપે છે ?

૩ સામાજિક સાંપ્રદાયિક ભેદો તથા ફાટફુટોને મટાડવાની જૈનધર્મમાં કેટલી શક્તિ છે ?

જો આ સમસ્યાઓનો ઉકેલ કરવા માટે અનેકાંતદૃષ્ટિ તથા અહિંસાનો ઉપયોગ થઇ શકે તો તે ઉપયોગ જ એ બે તત્વોની પ્રાણપૂજા છે અને જો એવો ઉપયોગ ન થઇ શકે તો એ બે તત્વોની પૂજા એ માત્ર મૂર્તિપૂજા અથવા તો માત્ર શબ્દપૂજાજ હોઇ શકે, પરંતુ જ્યાં સુધી મેં ઉંડો વિચાર કર્યો છે ત્યાં સુધી મને સ્પષ્ટ માલુમ પડ્યું છે કે ઉપરના ત્રણજ નહિ પણ બીજા એવા અનેક પ્રશ્નોના વ્યવહારીક ખુલાસા, જો બુદ્ધિ હોય તો, અનેકાંતદૃષ્ટિ અને અહિંસાના સિદ્ધાંતદ્વારા શોધી શકાય તેમ છે. દા૦ ત૦ જૈનધર્મ પ્રવૃત્તિમાર્ગ છે કે નિવૃત્તિમાર્ગ છે ? આ પ્રશ્નનો ઉત્તર અનેકાંતદૃષ્ટિની યોજના દ્વારા રાષ્ટ્રીય કાર્યને અપેક્ષાએ એમ આપી શકાય કે જૈનધર્મ પ્રવૃત્તિ નિવૃત્તિ એ બન્ને માર્ગાવલંબી છે. દરેક ક્ષેત્રમાં જ્યાં સેવાનો પ્રસંગ હોય ત્યાં અર્પણની પ્રવૃત્તિનો આદેશ કરવાને કારણે જૈનધર્મ પ્રવૃત્તિગામી છે અને જ્યાં ભોગવૃત્તિનો પ્રસંગ હોય ત્યાં નિવૃત્તિનો આદેશ કરવાને કારણે તે નિવૃત્તિગામી પણ છે, પરંતુ જેમ આજ દેખાય છે તેમ ભોગમાં અર્થાત્ બીજાઓની પાસેથી સગવડ ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરવી અને યોગમાં અર્થાત્ બીજાઓને આપણી સગવડ આપવા નિવૃત્તિ ધારણ કરવી તે અનેકાંત તથા અહિંસાનું વિકૃતરૂપ અથવા તેનો સ્પષ્ટ ભંગ છે. શ્વેતાંબરીય અને દિગંબરીય ઝઘડામાંથી કોઇ કોઇ લઇ એ ઉપર અનેકાંતદૃષ્ટિ લાગુ પાડવી જોઇએ. નગ્નત્વ અને વસ્ત્રધારણના વિષયમાં તથા સ્ત્રીના મોક્ષના સંભવ અસંભવના વિષયમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નયોનો બરાબર સમન્વય થઇ શકે છે. જૈનત્વ અર્થાત્ વીતરાગત્વ એ તો દ્રવ્ય-સામાન્ય છે અને નગ્નત્વ તથા વસ્ત્રધારણ તેમજ નગ્નત્વ તથા વસ્ત્રધારણનું વિવિધ સ્વરૂપ એ સર્વ પર્યાય-વિશેષ છે, ઉક્ત દ્રવ્ય શાશ્વત છે, પરંતુ તેના ઉક્ત પર્યાય સર્વ અશાશ્વત તથા અવ્યાપક છે. પ્રત્યેક પર્યાય જો દ્રવ્યસંબંદ્ધ-દ્રવ્યબાધક ન હોય તો તે સત્ય છે; અન્યથા સર્વ અસત્ય છે. તેવીજ રીતે જીવનશુદ્ધ એ દ્રવ્ય છે અને સ્ત્રીત્વ તેમજ પુરૂષત્વ એ બે પર્યાય છે. આજ વાત તીર્થના તેમજ મંદિરના હકોના વિષયમાં ઘટાવવી જોઇએ. ન્યાત, જાત અને ફિરકાના વિષયમાં ભેદાભેદભંગીનો ઉપયોગ કરવાથી ઝઘડા મટવા જોઇએ. ઉત્કર્ષના સર્વ પ્રસંગોમાં એકત્ર થવું અને અપકર્ષના પ્રસંગોમાં સહકાર ન આપવો; એજ પ્રકારે લગ્ન, અનેક પતિગ્રહણ, પુનર્વિવાહ જેવા વિવાદવાળા વિષયોમાં પણ કથંચિત્ વિધેય અવિધેયની ભંગીનો ઉપયોગ કર્યા વિના સમાજ એક રૂપે જીવિત ન રહી શકે.

ગમે તે પ્રકારે વિચાર કરીએ તો આજની પરિસ્થિતિમાં એ તો નક્કી છે કે જેમ સિદ્ધસેન, સમંતભદ્ર આદિ પૂર્વાચાર્યોએ પોતાના સમયના વિવાદાસ્પદ પક્ષ, પ્રતિપક્ષ ઉપર અનેકાંત તથા તેમાંથી પરિણમેલ નય આદિ વાદોનો પ્રયોગ કર્યો તેમ આજે પણ ઉપસ્થિત પ્રશ્નો ઉપર તેનોજ પ્રયોગ કરવો જોઇએ; જો આપણે તેમ કરવા તૈયાર ન થઇએ તો ઉત્કર્ષની અભિલાષા રાખવાનો આપણને કાંઇ હક્ક નથી

અનેકાંતની મર્યાદા એટલી વિસ્તૃત અને વ્યાપક છે કે તે દ્વારા સર્વ વિષયો પર પ્રકાશ પાડી શકાય છે; તેથી એમ ભય રાખવાનું કારણ નથી કે પૂર્વાચાર્યોએ પ્રસ્તુત વ્યાવહારિક વિષયોપર ચર્ચા કરી નથી તો પછી તે કેમ કરી શકાય ? શું એ ઉચિત સમજાશે કે જ્યારે એક તરફ સમાજમાં ઐક્યની જરૂર હોવા છતાં પણ તે નાની નાની જ્ઞાતિઓ અને તડોમાં વહેંચાઇ બરબાદ થાય છે; બીજી બાજુ વિદ્યા અને ઉદ્યોગની જીવનપ્રદ સંસ્થાઓમાં ખર્ચ કરવાને બદલે ધન, બુદ્ધિ અને સમયનો સઘળો ઉપયોગ તીર્થોના ઝઘડાઓમાં સમાજ કરી રહ્યો છે, ત્રીજી બાજુ જે વિધવાઓમાં સંયમ પાળવાની શક્તિ નથી તેમનાપર બળાત્કારથી સંયમનો બોજો સમાજ લાદી રહ્યો છે અને જેઓનામાં સંયમ પાળવાની અને વિદ્યાગ્રહણ કરવાની શક્તિ છે તે વિધવાઓને માટે કોઇ જાતનો પ્રબંધ પણ નથી ? આ પરિસ્થિતિમાં સમાજના કલ્યાણની અભિલાષા કેમ રાખી શકાય ? અને જ્યારે અમારા જેવા પંડિતો **સન્મતિતર્ક**, **આપ્તમીમાંસા**, અનેકાંત અને નયવાદના વિષયના શાસ્ત્રાર્થ કરવામાં દિવસ રાત માથાફોડ કર્યા કરે ત્યારે ? જેમનામાં વ્યવહારબુદ્ધિ હશે અને જેની પ્રજ્ઞા-જ્ઞાન અને વિવેક જાગૃત હશે તે તો એમજ કહેશે કે અનેકાંતની મર્યાદામાંથી એક સમયે **આપ્તમીમાંસા** અને **સન્મતિ** આદિનો જન્મ થયો હતો તેમજ તેની મર્યાદામાંથી આજે **'સમાજમીમાંસા'** અને **'સમાજ તર્ક'**નો જન્મ થવો જોઇએ અને તેના દ્વારા અનેકાંતના ઇતિહાસનું એક ઉપયોગી પાનું લખાવું જોઇએ.

# ધર્મસેવક પોત પ્રકાશે છે.

## કોણ છે એ ધર્મસેવક ?

—:o◯:0:◯o:—

કહેવાતા શાસનપક્ષના કોઇ ગુપ્ત લેખકો અને એના પ્રેરકો પોતાના નિંદ્ય, અક્કલહીન, અને બાલીશ વિચારોને જાહેર કરવા લેખકોના પ્રતિદિન નવા નવા સ્વાંગો સજે છે, અને ભવાઇના સ્ટેજપર જેમ એકને એક માણસ અવનવી ભુતાવળના વેષ ધરી જાહેરમાં આવે છે, તેવી આ કહેવાતા શાસન રસીકોની મલીન મનોદશા પ્રકટ થાય છે. પ્રથમ મધુકર, શાસનભક્ત, શાસનપ્રેમી, અને શાસનરસીક વિગેરે તખ્લુસથી એના લેખકો પ્રકટ થતા કોઇને આમાશા, કોઇને પ્રતાપ, તો કોઇને કલિકાળના ધર્મોદ્ધારક તરીકે નિવાજતા, અને પોતાને અનુકુળ ન હોય તેવાઓને નિંદતા, પણ આની સામે શ્રી મહાસુખભાઇ, શ્રી. મોતીચંદભાઇ, શ્રી. પરમાણંદભાઇ, અને શ્રી. ધામી વિગેરે લેખકોએ દલીલ, બુદ્ધિ, તર્ક, અને સત્યના તિક્ષ્ણ તિરોથી સખ્ત અને મજબુત મારો ચલાવ્યો એટલે એ નામધારી લેખકો બધા એક પછી એક

લડાઈનાં અવનવા રંગો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૨૫ મો. | સંવત ૧૯૮૬ ના જેઠ વદી ૫. તા૦ ૧૬-૬-૩૦ | છુટક નકલઃ ૦।। આનો. |

## ત્રણ પત્રો

" પૂ૦ ભા. ઊંટડી છાવણી, તા. ૨-૬-૩૦,

ભ્યાંટથી નીકળી અહિં આવતાં તમને એક પત્ર લખ્યો છે. તમે પત્ર મને લખ્યા હશે તે કદાચ ભ્યાંટ મા નવસારી રખડતા હશે. ભ્યાંટથી અહિં આવ્યો પણ મારામાં કામ કરવાની કંઈક આવડતને લીધે અહિં પણ મને હલ્લો કરવા તરત ન મોકલ્યો. અને આજે પણ સંગ્રામ સમિતિ મોકલવા ઇચ્છતી નથી. પણ મને એમ લાગે છે કે છેલ્લી જે ટુકડી સેનાપતિઓની જશે તેને સરકાર લાઠી ન મારતાં કેદજ કરશે અને જ્યારે ૧૦૦૦ ઉપર માણસોએ અહિં આવી લાઠીના ઘા ખાધા તો હું (જેની હિંમતને લીધે નરહરિભાઈએ તથા હાલની સંગ્રામ સમિતિએ દિનકર મણિબહેન, રાવજીભાઈ વિગેરેએ જ્યારે છેવટે ચુંનદા સૈનિકોને મોકલવાનું નીરદ કર્યું ત્યારે વગર પૂછ્યે મારૂં નામ લખ્યું હતું) માર ખાધા વિનાજ જેલ જાઉં તે ઠીક ન લાગવાથી જોરથી પાસે આવતી કાલેજ હલ્લામાં જવાની રજા લીધી છે. જતી વખતે પ્રભુને પ્રાર્થના કરીશ કે હે પ્રભો! મને તું બને તેટલો કસજે. હાલ તો સુરત કરતાંએ વધારે માર ખાવાની હિંમત છે. મેદાને કેટલા રહે છે તે જોવાનું છે. જીવતો રહીશ તેમ તો ખાત્રીજ છે. પણ મર્યો તો સૌને છેલ્લા પ્રણામ. કોઈ એક પણ આંસુ ન સારશો. દેશ માટે આપણે એક દીકરો હોમી શકયા એનો આનંદ માનજો.

લિ૦ તમારા કાન્તિના પ્રણામ."

પૂ૦ ભા. (૨) ઊંટડી, તા, ૪-૬-૩૦.

ગઈ કાલે હલ્લામાં જઇ આવ્યો. મારી સાથે બીજા એકસોતેર જણ હતા તે બધા ફકત સરકારી અમલદારના ગભરાટથીજ પાછા હઠવા મંડયા. એટલે બધો માર મારા અને રાવજીભાઈ નાથાભાઈ પટેલ—ના હકનારપર—આવ્યો. મારીને થાકયા એટલે ઢસડીને દૂર મૂકયા. બીજા સૈનિકોને તો મારી મારીને દૂર લઈ જતા હતા. એટલે પોલીસે અમને જ્યાં મૂકયા ત્યાંજ અમે બેસી રહ્યા. તે સહન ન થતાં ફરી મારી ફરી ઘસડી ગયા. પછી તો મારપર માર પડયો એટલે બેસી રહેવાય તેમ હતુંજ નહિ. કારણ બેસી રહીયે તો ઢસડીને ખાણની સાથેજ અમને લઇ જતા. એટલે બેસવાની હઠ છોડી માર ખાતા ખાતા પાછા આવ્યા. મને કંઇ નહિ તો ૪૫-૫૦ લાઠી પડી હશે પણ મન અને શરીર મજબુત છે એટલે ગઈ કાલેજ ગમેક વાગે હરતો ફરતો થઇ ગયો. આજ તો વલસાડ પણ જઇ આવ્યો.

હવે છેલ્લો હલ્લો પરમે થશે. તેમાં પણ જોડાવા મારો વિચાર છે. એ કસોટીમાંથી પ્રભુ પાર ઉતારે એટલે બસ. જો લખાશે તો બીજો પત્ર પરમે લખીશ.

એજ લિ૦ કાન્તિના પ્રણામ.

શ્રી પૂજ્ય ભા (૩) ઊંટડી તા. ૬-૬-૩૦.

હલ્લો થયો ને આજે સારીપેઠે માર ખાઇને આવ્યો છું. હાથ પગ બીલકુલ કામ કરે તેમ નથી. કુલા ઉપર સખત માર પડયો હોવાથી બેસી શકાતું નથી. પણ જે મહાવીરનું ધ્યાન ધરીને આજ હલ્લામાં ગયો હતો તેજ મહાવીર પ્રભુ ૩-૪ દીવસમાં ધીંગા જેવો કરી દેશે. તા. ૧૮-૫-૩૦ નો પત્ર રખડતો રખડતો આજ મળ્યો. બીજો મળ્યો નથી. હવે પત્ર બારડોલી લખજો.

લિ૦ કાન્તિના પ્રણામ.

## જાહેર ખુલાસો.

વડોદરા, તા૦ ૬-૬-૩૦

ધી એંગ્લો વર્નાકયુલર પ્રિન્ટીંગ પ્રેસ અમદાવાદ અને શ્રી વલ્લભવિજય પ્રિન્ટીંગ પ્રેસ પાટણ એમ બે પ્રેસના નામથી "અસલ પરથી નકલ" નામનું હસ્ત પત્ર બહાર પડેલ છે જેમાં એક બાજુ બાળબોધ લીપીમાં મહૂંમ આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રીમદ્ વિજયકમળસુરીશ્વરજીનો ૧૦૮ શ્રીમદ્ ઉત્તમ વિજયજી મહારાજના હસ્તે લખાયેલ, લાલન શીવજી તથા રાયચંદજી બાબતનો પત્ર છાપવામાં આવેલ છે. તેની બીજી બાજુ તા.-ક. કરીને કોઇ નનામી વ્યક્તિએ ગુજરાતીમાં તેના પરથી મનગમતું ભાષ્ય લખ્યું છે. તે બાબતે અત્રે બીરાજતા તે પત્રના મૂળ લખનાર ૧૦૮ શ્રીમદ્ ઉત્તમવિજયજી મહારાજને રૂબરૂ મળતાં અમોને નીચે પ્રમાણે ખુલાસો કર્યો છે. તે જોતાં પોતાનો આગ્રહ (બચાવ) સાબીત કરવા કેવા પ્રયત્નો સેવાય છે તે સરવેની જાણમાં આવશે.

સંવત ૧૯૬૮માં વડોદરામાં ૧૦૦૮ મહૂંમ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમળસુરીશ્વરજીના પ્રમુખપણા નીચે મુનિ સમેલન ભરાયું હતું. તેમાં થયેલા ઠરાવોની ચોપડી ગુજરાતી ભાષાની વડોદરાના શ્રી સંઘે છપાવી બહાર પાડી હતી. તે દરેક સાધુ, સાધ્વીને આપવામાં આવી હતી. ગુજરાતી ભાષા પંજાબ, મારવાડ, બંગાળ આદિ દેશોમાં સમજી ન શકે તેથી આ ઠરાવોની હિન્દી ભાષામાં ચોપડી પંડીત હીરાલાલ શર્મા તરફથી બહાર પાડવામાં આવી તેમાં ગુજરાતી ભાષાની ચોપડીમાં છાપેલો સદ્‌ગત પરીખ મગનલાલ માણેકચંદ અને મગનલાલ રણછોડ મોદીનો કાગળ અને તેનો પ્રત્યુત્તર છાપવામાં આવ્યો નથી. કારણ કે જે પ્રદેશોને વાસ્તે આ ચોપડી છપાવવામાં આવી હતી, ત્યાં કોઇ પણ જાતની તેવી ચળવળ નહોતી. તેથી તે કાગળ અને તેના પ્રત્યુત્તરવાળો ભાગ સ્વભાવીક રીતેજ પડતો મૂકવામાં આવ્યો છે. તે બન્ને ગૃહસ્થો તરફથી લખવામાં આવેલા પત્રમાં તેમજ સમેલન તરફથી વાળવામાં આવેલા જવાબમાં શ્રાવકોના ધર્મ વિરૂદ્ધ વર્તણુંક સબંધીનો ઉલ્લેખ છે. લાલન શીવજી વા રાયચંદનો તેમાં નામ નિર્દેશ પણ નથી. જ્યારે આચાર્યશ્રીની આજ્ઞાથી મુનીશ્રી ઉત્તમવિજયજીએ લખેલા કાગળમાં લાલન શીવજી અને રાયચંદ સંબંધી ખુલાસો આવેલો છે. તે કાગળ લખવાની આચાર્યશ્રીની ઇચ્છા નહી હોવા છતાં તે વખતના પન્યાસજીશ્રી દાનવિજયજી અને શ્રી પ્રેમવિજયજીના ઘણાજ દબાણથી આચાર્યશ્રીએ કબૂલ કર્યું. એટલે શ્રી દાનવિજયજીએ ગુજરાતી કાગળ દરાપુરામાં લખ્યો અને આચાર્યશ્રીને આપ્યો. તે ગુજરાતીમાં હોવાથી આચાર્યશ્રીએ શ્રી ઉત્તમવિજયજી પાસે હિન્દીમાં લખાવ્યો, એટલે વાસ્તવીક આ કાગળના લખનાર હાલના આચાર્યશ્રી વિજયદાનસૂરી છે. દરાપુરાથી મુનિશ્રી ઉત્તમવિજયજી, શ્રી લબ્ધિવિજયજી, હીમંતવિજયજી અને નેમવિજયજી વીગેરે વીહાર કરી બોરસદ ગયા. ત્યાં શ્રી દાનવિજયજીએ મોકલેલો માણસ અમદાવાદથી ત્યાં આવ્યો. તેને તે કાગળ આપ્યો. તે અમદાવાદ લઇ જઇ ત્યાં છપાવી પેટલાદથી બહાર પાડયો. આ કાગળમાં મુની સમેલનના ઠરાવો રદ કર્યાનું લખેલું નથી. તેમજ રદ કર્યા નથી. જો રદ કર્યા હોત તો વડોદરાના

[જુઓ પાનું ૪ થું]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# લડતનાં અવનવા રંગો.

## બોયકોટ કમિટિનું કામકાજ.

મુક્તિ સંગ્રામની લડત દીનપ્રતિદીન આગળ વધે જાય છે. તેમાં ના. વૉઇસરૉયના બે ઓર્ડીનન્સોએ તો લડતને વિશેષ વેગ આપ્યો છે. ચોમાસાને લીધે મીઠાના અગર પરની ધાડ મુલતવી રાખવી પડી. તે દરમિયાન સત્યાગ્રહ સમિતિને લડત માટે નવી યોજના ઘડવાની હતી. ત્યાં ઓર્ડીનન્સોએ સમિતિ માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો. દેશ સેવિકાસંઘ માટે અમે આગળ વિવેચન કરી ગયા છીએ. પરંતુ ઓર્ડીનન્સનો ભંગ કરવા સારૂ પીકેટીંગનું કામકાજ સત્યાગ્રહ સમિતિએ તુરતજ હાથ ધર્યું. પ્રથમ કોટ વિભાગમાં ઓરીસો આગળ પુરૂષ સ્વયંસેવકો મારફત પીકેટીંગ શરૂ કર્યું. વિશેષ સ્વયંસેવકોની માગણી બહાર પડતાં, સંખ્યાબંધ સ્વયંસેવકો જોડાયા. અને દારૂનિષેધ માટે પીકેટીંગની યોજના હાથ ધરવામાં આવી. અને ગુરૂવારથી મુંબઇના ઇ., એફ. અને જી વિભાગમાં દારૂ માટે પીકેટીંગ શરૂ કરવામાં આવ્યું છે. ઓર્ડીનન્સનો અમલ કરવા ધરપકડ શરૂ કરવામાં આવે તો સંખ્યાબંધ વોલંટીઅરો તેમની જગાએ આવવા તૈયાર છે.

વચ્ચે વચ્ચે ખરી સ્થિતિ સમજવાની અમલદારી જીદોથી સત્યાગ્રહના અવનવા પ્રસંગો ઉભા થયા કરે છે. તા૦ ૧૨ મી જુનનો દિવસ કોન્ગ્રેસ તરફથી "સોલાપુર-ડે" તરીકે ઉજવવા, સરઘસ કાઢવા, અને આઝાદ મેદાનમાં સભા ભરવા જાહેર થયું હતું. તે દીવસે આ સિવાય બીજો કાર્યક્રમ ન હતો. ઘણાખરા બજારો ખુલ્લાં હતાં. અને આ સરઘસ કદાચ એટલું બધું આકર્ષક નીવડત નહિ. પરંતુ પોલીસ કમીશનરને તે ન રૂચ્યું. તેમને સરઘસ સુલેહનો ભંગ કરનાર નીવડશે સંભવ લાગ્યો; અને છેલ્લી ઘડીએ મનાઇ હુકમ કાઢ્યો. પરિણામ શું આવ્યું? કોન્ગ્રેસના આગેવાનો તો મક્કમ રહ્યા. સરઘસને કોન્ગ્રેસ હાઉસ પાસે અટકાવવામાં આવ્યું છે તે સમાચાર વિજળીના વેગે શહેરમાં ફેલાઇ ગયા. માનવમેદની અતિશય વધી ગઇ. વેપારીઓએ બજારો બંધ કર્યાં; અને કોન્ગ્રેસના ફરમાનની રાહ જોયા સિવાય, સંખ્યાબંધ લોકો સરઘસમાં જોડાવા ઉમટ્યાં. પોલીસે તે રોકવા પ્રયાસ કર્યો. એટલે છુટાં છુટાં અનેક સરઘસો નીકળ્યાં. કોઇ સરઘસો આઝાદ મેદાનમાં પહોંચી ગયાં અને સભા પણ ભરી. તેમને ઘણે સ્થળોએ રોકયાં, ત્યાં ત્યાં તેઓએ સત્યાગ્રહ આદર્યો છતાં અપૂર્વ શાન્તિ જાળવી રાખી. અને ફતેહ મેળવી. કોન્ગ્રેસ હાઉસ પાસે વધારે કસોટી થઇ! મધ્ય રાત સુધી પોલીસે કોર્ડન ચાલુ રાખી. ત્યાં પુરૂષો અને સ્ત્રીવર્ગમાંથી સર્વ અડગ રહ્યા. કોર્ડન પાછી ખેંચાઇ ગયા પછી રાત્રીના બાર વાગ્યા પછી પણ ભારે ઉત્સાહભર્યું સરઘસ નીકળ્યું. અને જાહેરાત મુજબ સરઘસ ફર્યું અને મોડી રાતે પણ સભાનું કામકાજ કર્યું. અને "કોન્ગ્રેસ સંસ્થા એટલે મુંબઇની સમસ્ત જનતા" તે સત્યનું ફરીથી સરકારને ભાન કરાવ્યું.

લડતની બીજી બાજુ તપાસીએ. રચનાત્મક કાર્યક્રમ પણ કોન્ગ્રેસ કમિટિ તરફથી તેટલીજ ચીવટપૂર્વક અને સતત ચલાવવામાં આવે છે. બ્રિટિશ માલના અને તમામ પરદેશી કાપડના બહિષ્કાર માટે એક બોયકોટ સમિતિ નિમવામાં આવી છે પરદેશી કાપડ માટેના બહિષ્કાર માટે તો દેશ સેવિકાસંઘ તરફથી કાર્ય ચાલુ છે. પરંતુ કાપડ સિવાયના બીજા બધા બ્રિટિશ માલનો બહિષ્કાર કરવા સમિતિ ચાલુ ચળવળ ચલાવે છે. સમિતિના સભ્યો જુદા જુદા વેપારી એસોસીએશનની મુલાકાત લે છે બ્રીટીશ માલ ક્યાં ક્યાં કેટલા પ્રમાણમાં આવે છે. તેને બદલે સ્વદેશી કયો કયો માલ વાપરી શકાય છે અને તે પણ ન જ બને તો બ્રીટીશ સિવાય બીજા દેશોમાંથી માલ લાવી કામ ચલાવવા અને સાધનોની વિચારણા આ સમિતિ ચલાવે છે. અને અમલમાં મુકવા પ્રયાસો કરે છે. પરંતુ આ સર્વ હકીકતમાં જૈનો ક્યાં છે? અમદાવાદ જૈનોની જાહેર સભાએ વિદેશી કાપડના બહિષ્કારનો ઠરાવ પસાર કર્યો છે. સ્વદેશી વસ્તુ પ્રચારક મંડળ વિદેશી માલ ન વાપરવાની પ્રતિજ્ઞાઓ ઉપર સહીઓ લે છે. મુંબઇમાં દેશસેવિકાઓ સમગ્ર જનતાને લક્ષીને તેવો પ્રયાસ કરે છે. તેમ જૈનની કોઇ કોઇ પેટા જ્ઞાતિઓમાં તેવો ઠરાવ પસાર કરવાની ચળવળ ચાલે છે. પણ સમગ્ર જૈન જનતા માટે સર્વ સામાન્ય પ્રયાસ થવાની જરૂર છે. મુંબઇના જુદાં જુદાં મંડળો આ બાબતમાં વ્યવસ્થીત રીતે પ્રયાસ કરે અને જૈનોની જાહેર સભા બોલાવે અને સ્વદેશી મંડળની સ્થાપના કરે તે જરૂરનું છે. પણ મુનિઓનું શું? જૈનો પોતેજ વિદેશી વસ્તુ વાપરે નહિ તો મુનિઓને વિદેશી વસ્તુઓ કેમ વહોરાવે? મુનિઓની જવાબદારી આ બાબતમાં જૈનો કરતાં વિશેષ છે. છતાં પણ તેમનામાંથી સ્થિતિચુસ્તતા છુટતી ન હોય તો જૈનોએ મક્કમતા રાખી વિદેશી ચીજો વહોરાવવી ન જોઇએ. ચોમાસું આવે છે એટલે આ બાબતનો અમલ મક્કમ રીતે થાય તેની સ્થળે સ્થળના યુવક સંઘોએ ખાસ સંભાળ રાખવી જોઇએ અને સમજાવટ છતાં જો તેઓ ન માને તો તેવા વહોરાવનારા જૈનોનાં નામની યાદી પ્રગટ કરવી જોઇએ. કારણ કે સાચો જૈન જે કાપડની બનાવટમાં ચરબી તથા ઇંડાની સફેદીનો ઉપયોગ થતો હોય તે વાપરવામાં પાપજ માને. આ બાબતમાં હજુ કોઇને શંકા રહેતી હોય તો વાંચો:—નીચેની સરકારના ડીરેકટર ઓફ ઇન્ફરમેશનની યાદી.

### પરદેશી કાપડ વીશેની અફવા.

#### ના૦ મુંબઇ સરકારનો ખુલાસો.

મુંબઇ સરકારના ડીરેકટર ઓફ ઇન્ફરમેશન એક યાદીમાં જણાવે છે કે પરદેશી કાપડના બોયકોટના પ્રચાર કાર્ય માટે કેટલીક ઠેકાણે બહાર પાડવામાં આવેલાં હેન્ડબીલોમાં જણાવવામાં આવે છે કે મેંચેસ્ટરમાં કાપડની બનાવટમાં બળદ ગાયો અને ભેંસોની ચરબી વાપરવામાં આવે છે. જ્યારે પરદેશી રંગીન કાપડના દરેક ૧૦૦ રતલમાં ગાયો અને ડુક્કરનું ૩૦૦ રતલ લોહી વપરાય છે આ બંન્ને સ્ટેટમેન્ટ બરાબર નથી. સાઇઝીંગમાં ચરબી વપરાય છે પણ ગાયની કે ડુક્કરની ચરબી વપરાતી નથી. બકરાની ચરબી તેમાં વપરાય છે. કારણ ગાયની કે ડુક્કરની ચરબી તેના કરતાં મોંઘી હોય છે. રંગીન કાપડમાં પણ ગાય અને ડુક્કરનું લોહી વાપરવાનું અશક્ય છે કારણ તેની કીંમત ભારે હોય છે. તેમાં ઇંડાંની સફેદીજ વપરાય છે.

# શ્રી રામવિજયજી જૈનત્વને ઉલટાવે છે.

## શ્રીમદ્ આત્મારામજીના આદર્શોનો અયોગ્ય અર્થ તારવે છે

## જયંતિના નામે ઝેર ફેલાવે છે.

## પ્રભુ વીરનું વિશ્વબંધુત્વ તે આ?

આ તો તદ્દન જાણીતી સ્પષ્ટ અને દીવા જેવી ચોકખી વાત છે અને સર્વ કોઈને સુપરિચીત છે કે જૈનત્વનો સુદ્રઢ અને અનાદિ અનંત સુધી મજબુતીથી ટકી રહેનાર પાયો રાગ અને દ્વેષના વિજયમાં છે. કષાય ઉપર સર્વાંશે જય મેળવનાર તે જીન; અને એજ રીતે અનુસરનાર તે જૈન; અને તેનો ભાવ તે જૈનત્વ. કોઈ પણ ભિન્નમતવાદીને, વિરોધ વિચાર ધરાવનારને અને આપણા વિચારો ન સ્વીકારનાર કે તેનું ખંડન કે સામનો કરનારને શત્રુ માની લેવામાં, વૈરી તરીકે ગણી લેવામાં કે તેને ભાઈ તરીકે ન ગણવામાં જૈનત્વ સંમત ન હોઈ શકે. જૈનત્વનું એ મહાન અદ્વીતિય અને સર્વોચ્ચ ગૌરવ છે, કે તે વિરોધીઓને ભિન્નમતવાદીઓને પણ તેના વિચારોનો પ્રતિકાર કરતો હોવા છતાં ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલા અંતર પર તેની સામે ખડો રહેવા છતાં તેને ભાઈ માની શકે છે. વિરોધીઓ કે ભિન્ન વિચાર ધરાવનારને શત્રુ કે વૈરી ગણી લેવાની અને તેને ભાઈ ન માનવાની કલ્પનાજ જૈનત્વને ફ્રમકમાં નાખી મૂકે તેવી છે. "મિત્તિમે સવ્વભૂએસુ" "ન દ્વેષઃ કપિલાદિષુ" "સ્વયંવરેવ આસંવરેવ અન્નોવા અહવા બુધ્ધોવા સમભાવ ભાવીય અપ્પા લહઈ મોક્ખં ન સંદેહો" "અયમાત્મૈવ સંસારી કષાયેંદ્રિય નિર્જીતઃ ત્વમેવ વિજેતારં મોક્ષ માહુર્ મનીષિણઃ" આ અને આવા અનેક પૂર્વ મહાપુરૂષોના વાકયોનો ધ્વનિ એ છે કે સર્વ ભૂત, પ્રાણી પર મારી મિત્રતા છે કપિલાદી ભિન્ન મતવાદીઓ પર પણ મારો દ્વેષ નથી, શ્વેતાંબર હો કે દિગમ્બર, અન્ય હો કે બુદ્ધ પણ જેનો આત્મા સમભાવથી ભાવે છે, રાગ અને દ્વેષનો અભાવ છે તે પરમ પદનો અધીકારી હોવા વિષે કશોજ શક નથી. કષાય અને ઇન્દ્રિઓથી જીતાયલો આત્મા સંસારી છે અને તેના પર જય મેળવનાર તેજ આત્મા મોક્ષને લાયક છે.

આવાં તો હજારો વાકયો આની દલીલમાં ટાંકી શકીએ. શ્રીમદ્ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સમ્યકત્વના પાંચ લક્ષણો પૈકીનું એક લક્ષણ સમજાવતાં કહે છે કેઃ– 'અપરાધી શું પણ નવી ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકુળ" જેણે આપણો અપરાધ કર્યો હોય, નુકશાન પહોંચાડયું હોય અને એમ આપણું અનેક રીતે બુરું કર્યું હોય તેવા અપરાધીને શરીરથી હાની ન કરવી, વચનથી તેનું બુરૂં ન બોલવું ઉપરાંત મનથી પણ એનું અનિષ્ટ ન ઇચ્છવું એ ઉપાધ્યાયજીની સલાહ છે અને તે એમના ઘરની નથી જૈનત્વનું એ રહસ્ય છે. વિતરાગ દેવની એ વાણી છે તેને શ્રીમદ્ યશોવિજયજીએ પોતાની શૈલીમાં ઉતારી છે. આટલી લાંબી ભૂમિકા કરવાનો પ્રસંગ એ છે કે શ્રી રામવિજયજીએ ગઈ તા૦ ૪-૬-૩૦ બુધવારના રોજે ભાયખલા મુકામે ન્યાયાંભોનિધિ શ્રીમદ્ આત્મારામજી મહારાજના સ્વર્ગારોહણ મહોત્સવ પ્રસંગે એમની જયંતીપર એક વ્યાખ્યાન આપ્યું છે અને એ અહેવાલ તા૦ ૧૦-૬-૩૦ ના 'મુંબઈ સમાચાર'માં પ્રકટ થયો છે. જે અહેવાલ શ્રી રામવિજયજીના ભાષણ તરીકે પ્રકટ થયો છે તે જો સાચોજ હોય અને તેમાં બતાવેલા વિચારો શ્રી રામવિજયજીએ જાહેર કર્યા હોય તો મારે દુઃખ અને આશ્ચર્ય સાથે કહેવું જોઈએ કે એમાંના કેટલાક વિચારો જૈનત્વનો હડહડતો વિરોધ કરે છે, અરે! જૈનીઝમને ઉલટાવે છે. ભદ-મસ્ત ભાવ વિચારભેદ જન્માવે તેથી ભ્રાંતિઓ ઉભી કરાવે એ તો સંભવીત છે. પણ જૈન દર્શનની મૌલીક માન્યતાઓ અભિનિવેષ કે આગ્રહના બળે શ્રી રામવિજયજી સરખા માણસ ઉથલાવવા મથે અને તે પણ ધર્મપ્રચાર શાસન સેવા અને મહાપુરૂષ આત્મારામજી સરખા શાસન માન્ય પુરૂષની જયંતિના ઓઠા નીચે ત્યારે તો સાચેજ આગ્રહ, અભિનિવેષ અને પક્ષ પ્રચારની કાયર અલ્પદર્શી અને સાંકડી મનોદશાપર દયા આવે છે. શ્રી રામવિજયજીના વિચાર પ્રચારની રીતનો એમની કાર્ય પધ્ધતિનો અને એમની ધાંધલખોર પ્રવૃત્તિઓનો હું વિરોધી છું. મારી એ અધીન માન્યતા છે કે તેથી શાસનને ભારે નુકશાન થયું છે. જૈનેતર સમાજમાં એથી શાસન ભારે વગોવાયું છે. ત્યાગી સમાજની છાપ એમના પ્રત્યેની ભક્તિ, સન્માન ઇતર સમાજમાં અને કેટલેક અંશે ખુદ જૈનોમાં ઘટયાં છે એ બધું એમની કારવાઈ અને પદ્ધતિને આભારી છે. પોતે પકડેલી વાતને પ્રબળ વિરોધ સામે કદાગ્રહ રીતે વળગી રહેવાની એમની જીદ્દી અને આગ્રહી મનોદશાને આભારી છે. તેથી જૈન સમાજ છિન્નભિન્ન થયો છે. ઝઘડા પડ્યા છે કુસંપ, કલેષ અને ઝેરવેરનો મહાદાવાનળ સળગ્યો છે અને સારોએ સમાજ આજે આ કે તે પક્ષમાં વહેંચાઈ ગયો છે. એ બધાનો મુખ્ય જવાબદાર તરીકે શ્રી રામવિજયજીને ગણી શકાય વિરોધ કે ભિન્ન વિચારને વિદ્રોહનું સ્વરૂપ આપવામાં એમનો ફાળો મોટો છે. અને આ ખુમારી કયાં જઈને અટકશે તેની કલ્પના કરવી અશકય નહિં તો દુઃશકય તો છેજ. સને ૧૯૧૯ થી એમની સાથે મારો અલ્પ પરીચય હોવાનો દાવો છે. અસહકારના જમાનામાં, ચા વિગેરેના બહિષ્કારમાં થતી જાહેર સભાઓના પ્લેટફોર્મ પર શ્રી રામવિજયજી એક વખત ગાજતા. કાશીના પશુવધની અટકાયતમાં એમણે અને એક મૌલવીએ મહાત્માજીના નામનો ઉપયોગ કર્યો. તે સામે અને બળજબરીથી પશુવધ અટકાવવાની એમની રીત સામે મહાત્માજીએ નડીઆદની એક સભામાં મજબુત વિરોધ કર્યો. અને મુનિવેષને ન શોભે તેવું કામ વર્ણવ્યું. આ પછી એઓ મહાત્માજીના કટ્ટર વિરોધી બન્યા. આ વિરોધ સમયના બનાવ સાથે જૈન યુવાનોને ધકારો લાગ્યો. પરિણામ એ આવ્યું કે આખરે સુધારક અને યુવાનો સાથે એમનો મેળ નજ થયો. મહાવીર વિદ્યાલયવાળું ટેકા પ્રકરણ, સમ્મતિ વિનાની દિક્ષા, વિગેરે મુદ્દાઓ આગળ આવ્યા અને છેલ્લા મુંબઈના ચાતુર્માસ પહેલાં, દરમીયાન અને પછીના બનાવો તાજાજ હોવાથી સમાજ તે જાણે છે. જૈનોમાં પણ દારૂ અને [illegible] જેમ [illegible] છે એ એમના વાકયની સામે વિરોધ વધ્યો છતાં એમણે નમતું ન આપ્યું. પછી તો અનેક યુવક-સંઘો, સુધારક સંસ્થાઓ અને છેવટે જૈન શ્વેતાંબર મહાસભા (કોન્ફરન્સ) એ બધાંમાં એમને વિરોધ કે વિદ્રોહના દર્શન થયાં અને તેને પહોંચી વળવા યંગ મેન્સ જૈન સોસાયટીઓ, યંગમેન જૈન વોલંટીઅરકોરો અને છેલ્લે સુરતમાં મળ્યા તે બે સમ્મેલનોના જલસાઓ યોજવા પડયાં.

જામનગર, પાટણ, સુરત, ખંભાત અને વાસદ વિગેરેની કરૂણારસીક ઘટનાઓ બની ગઈ. આટલું છતાં એમનાં આગ્રહી અને અભિનિવેષયુક્ત પ્રચારનો હેતુ એમની નજરે બર આવ્યો હોય એમ નથી લાગતું. વર્તમાન પત્રોમાં ધર્મસેવક વિગેરે કેટલાએ તખલ્લુસોથી એમના વિચારોનો પડઘો પાડતા. આજ લગી લેખો પ્રકટ થાય છે છતાં એમને વિરોધ કે વિદ્રોહ વધતોજ દેખાય છે. અને તેથી એમની મુંઝવણ કે અકળામણ અતી વધી ગઈ હોય એ સ્વાભાવિક છે. એમ કહેવાનો આશય એટલા માટે થઈ આવે છે કે છેલ્લા જયંતિના વ્યાખ્યાનમાં એમણે જૈનત્વ વિરોધી જે વિચારો બતાવ્યા છે તે સિધ્ધું અકળામણનું પરિણામ હોય એમ જણાઈ આવે છે ને ઉપર કહ્યું તેમ એમના પ્રચાર, એમની પદ્ધતિ, અને તેના પરિણામોનો હું વિરોધી છું છતાં એમના વકતૃત્વ અને વ્યાખ્યાન શૈલી તરફ મને અનાદર નથી. તેમ છતાં જયંતિમાં જે અસંગત અને જૈનિઝમની મૌલીક ભાવનાના વિરોધી વિચારો એમણે

જતાવ્યા છે તે, મને ઉપરનું અનુમાન કરવા લલચાવે છે. આ રહ્યા એમના એ વિચારો "અથવા કોઇ એમ કહે કે હું એમનો (શ્રી આત્મારામજી મહારાજનો) ભક્ત, પણ મૂર્તિનું ખંડન કરનારને પણ ભાઇ તરીકે ગણું તો એને એમનો ભક્ત કહેવાય? અલબત નજ કહેવાય. જે બાપના મરનારને ભાઇ બનાવે તે બાપનો ભક્ત નથી અને જે બાપનો ભક્ત નથી, તે ભાઇનો શી રીતે બનવાનો? આપણા તારકને ગાળ દે તેને ભાઇ કહીને ભેટી પડવાની બેવકુફી તો નજ થાય, એને ભાઇ કહેવામાં ભ્રાતૃભાવનો નાશ છે." ઉપરનું અવતરણ શ્રી રામવિજયજીના વ્યાખ્યાનના ફકરાઓ છે એ ખુલ્લી વાત છે કે આ વિચારો તેમણે મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સમાજ પરત્વે બતાવ્યા છે આજે એ એક વિચાર ચાલે છે કે મૂર્તિપૂજક અને સ્થાનકવાસીને પોતપોતામાં જુદાં પાડતાં મુદ્દાઓને બાદ કરીને જે મુદ્દાઓમાં આપણે એક થઇ શકીએ છીએ તેટલા પૂરતો સહકાર કરવો અને તેટલા પૂરતી એક સંયુક્ત સંસ્થા ઉભી કરી શકાય અને સહકારના સંયુક્ત બળથી કામ લેવું અને જે મુદ્દાઓમાં આપણે જુદા પડીએ છીએ ત્યાં ત્યાં તે તે ફીરકાઓની સંસ્થાઓએ જુદું કામ કરવું. આ વિચારની સામે શ્રી રામવિજયજીનું ઉપરનું મંતવ્ય સમાજને હું પેશ કરૂં છું.

મૂર્તિપૂજક સમાજ મૂર્તિપૂજામાં માને છે. તેથી તે પોતાને તારણ થવાનું સ્વીકાર કરે છે. આથી વિરૂદ્ધ વિચાર ધરાવનાર વર્ગ સાથે આ બાબતમાં તે એકમત ન થાય તે સમજી શકાય. મૂર્તિપૂજાનો વિરોધ એ એક ભયંકર ભૂલ છે એવી દ્રઢ માન્યતા મૂર્તિપૂજક ધરાવે એ સમજી શકાય છે અને જીનમૂર્તિ અને તેની પૂજાની નિંદા જીવનને નુકશાન પહોંચાડે છે, વિનિપાત કરાવે છે, અને વિકાસ અટકાવે છે એવી અટલ શ્રદ્ધા મૂર્તિપૂજક ધરાવવાને સ્વતંત્ર હક્ક ધરાવી શકે એ પણ સમજી શકાય છે. પણ તેથી તેનો વિરોધ કરનાર આપણો આ જન્મ દુશ્મન છે કટ્ટર વૈરી છે અને ન માફ કરી શકાય તેવો જાલીમ છે એવી માન્યતાની જડ મૂર્તિપૂજકમાં હોય તો તે જીનમૂર્તિનો પૂજક નથી. જીનેશ્વર દેવની માન્યતાનો અનુયાયી પણ નથી. જૈન નથી પણ કહેવું જોઇએ કે તે મિથ્યાત્વી છે. દરેકને પોતપોતાની માન્યતાઓ, વિચારો અને અભિલાષો પ્રમાણે આચરણ કરવાનું સ્વાતંત્ર હોવુંજ જોઇએ. હા! મૂર્તિપૂજકની માન્યતા અને શ્રદ્ધા સામે ટીકા કે નિંદા કરવી એ અયોગ્ય છે; પણ તેમ કરનારને આપણે ભાઇ ન માનવો દુશ્મન માનવો એ વાત જૈનભાવ કેમ કબુલે? એમ તો મૂર્તિપૂજકના સેંકડો ફીરકાઓ સ્થાનકવાસીના તેટલા કે તેથી વધારે ફીરકાઓ, દીગંબરોની સંખ્યાબંધ પેટા માન્યતાઓ અને ઇતર દર્શનના હજારો મતપંથો એ બધાને એક પોતાની માન્યતા સિવાયનાઓને ભાઇ ન ગણવામાં આવે. દુશ્મન ગણવામાં આવે તો, તો સારાયે જગતમાં આપણને ઝેર અને ઝેરનાંજ દર્શન થાય. થોડાક સમાન વિચારો ધરાવનારાઓ સિવાયના સમસ્ત માનવ સમાજ સાથે વેર વધારવું પડે અને "અયંનિજઃ પરોવેતિ ગણના લઘુચેતસાં" એ ગંદી ગટરમાં સડી જઇ ખપી જવું પડે, "ઉદાર ચરીતાનાંતુ વસુધૈવ કુટુમ્બકં" એ વિશાળ, રમ્ય અને ગગનગામી દિવ્ય ભાવનાના કદિ દર્શન પણ ન થાય. બાપના મારનારને દુશ્મન ગણનાર અને તેનું વેર વાળવાનું નિયાણું કરનાર તો મહા ક્રોધી, મહા મિથ્યાત્વી, બહુલ સંસારીજ હોય શકે. સાચો જૈન તો, બધા પ્રાણીઓને માફ કરે. ભાઇ ગણે તેજ હોઇ શકે. પ્રભુ મહાવીર દેવ અને કેટલાએ મુનિવરોને અનાર્ય અને અજ્ઞાન જનતા તરફથી ઘોર ઉપસર્ગો થયા છે. નિર્ભર્ત્સના થઇ છે અને એ વખતે સેંકડો જૈન રાજા મહારાજાઓનું શાસન હતું; છતાં મહાપુરૂષોને ઉપસર્ગ કરનાર અને એમને પજવનાર એ અજ્ઞાન કે અનાર્યોને કોઇ જૈન રાજાએ ફાંસીએ લટકાવવાની વાત જાણી નથી. આથી એમ માનવાની ભૂલ કરવાનું કારણ નથી કે એ પરમ પુરૂષોને પજવનાર એમના આદર્શોને ઉતારી પાડનાર કે આપણાં સગાં સંબંધીઓને હેરાન કરનાર પાગલ માણસનું કૃત્ય પ્રશંસાપાત્ર છે. જરૂર એ કૃત્ય અયોગ્ય, ન ચલાવવાયોગ્ય અને અનિષ્ટ છે. તેમ કરનારને સુધારવા જૈન દરેકે દરેક યત્ન કરે, જીવતોડ મહેનત કરે અને તેવાને હેવાનમાંથી માણસ બનાવવા મથે, પણ તેમ છતાં એના બહુલકર્મો એનો વિકાસ સાધવા ન આપે તો જૈન તેના પર કરૂણા લાવે, દયા કરે અને બિચારો કર્મવશ છે. અસાધ્ય આંતર રોગનો દર્દી છે એમ કહી તે પર મધ્યસ્થ બને. આવા સંયોગો માટેજ જૈન મહાપુરૂષોએ માધ્યસ્થ ભાવના યોજી છે અને તે વ્યાજબી છે. જ્યારે ચતુર્થ ગુણસ્થાન વર્તી સમ્યગ્દ્રષ્ટિ આત્મા પણ અપરાધીનું અંતરથી અશુભ ન વાંછે ત્યારે છઠે પગથીએ ઉભા રહેવાનો દાવો કરનાર શ્રી રામવિજયજી, મુનિપણાના ઝભ્ભામાં, દુશ્મનાવટ કેળવે છે. પ્રભુ વીરના વિશ્વબંધુત્વનો વિરોધ કરે છે. અને ધર્મ અને જયન્તિના નામે ઝેરી પ્રચાર કરે છે એ સાચેજ દુઃખનો વિષય તો છેજ પણ જૈનો માટે તો શરમનો પણ વિષય છે. મારી જૈન વિચારકોને અને શાન્ત લેખકોને વિનંતિ છે કે તા. ૧૦-૬-૩૦ ના મુંબઇ સમાચારમાં પ્રકટ થએલ શ્રી રામવિજયજીનું એ આખુંએ વ્યાખ્યાન સંગતિપૂર્વક વાંચી જાય અને તે પર પોતાને જે યોગ્ય લાગે તે વીચારો બતાવે. શ્રી રામવિજયજીને પણ આથી નિવેદન છે કે તેઓ આ પર શાંત અને અનભિનિવેશી પરામર્ષ કરે. દલીલ, બુદ્ધિ અને શાસ્ત્રીય પદ્ધતિએ આ પર એમના વિચારો દર્શાવે આમાં મારી માન્યના સદોષ કે ભ્રામક હશે તો તેને સુધારવા હું હરગીજ તૈયાર રહીશ પોતાના અંગત માની લીધેલા વિચાર કે વિરોધ ખાતર જૈનિઝમને ઉજાડનારી ભાવનાઓ, વિચારો અને વક્તવ્યો ન થાય ન બતાવાય તેને ધર્મ, સેવા, શાસન કે પરમ પુરૂષોના નામ સાથે જોડવાનો જુલમ અટકે એમ ઇચ્છતો.

આણંદજી દેવશી શાહ.

(અનુસંધાન પાના ૧ લાનું ચાલુ)

શ્રીસંઘ તરફથી જાહેર પાડવામાં આવેલી મુની સંમેલનની હિન્દી ભાષાની ચોપડી રદ કરવાનું જાહેર કર્યું તે પ્રમાણે ગુજરાતી ભાષાની ચોપડી પણ, રદ કરવાનું જાહેર કરવે. આચાર્યશ્રીએ મુની સંમેલનનાં ઠરાવો રદ કર્યાં નથી તેમજ રદ કર્યાનું જણાવ્યું નથી. છતાં પણ આચાર્યશ્રીની હયાતી બાદ સ્વકલ્પીત રીતે એ ઠરાવો રદ કર્યાં છે. એવું ખોટું જાહેર કરવું એ અઘટીત અને ગુરૂ દ્રોહ કરનારૂં છે.

લી૦ વાડીલાલ મગનલાલ દવે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

કોન્ફરન્સ અને હાલની લડત.    યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૨૬ મો. | સંવત ૧૯૮૬ ના જેઠ વદી ૧૨. તા૦ ૨૩-૬-૩૦ | છુટક નકલ: ૦॥ આનો. |

## ઘાટકોપરમાં જૈન જમણવાર પરનું પિકેટીંગ.

મુંબઈ સમાચારમાં તા૦ ૯-૬-૩૦ ના અંકમાં એક અજાણકાર ભાઈ જે વાત લખે છે તે તદન સત્યથી વેગળી છે. મુંબઈના દેરાસરો પર તા૦ ૨૫-૬-૩૦ ના રોજ નોટીસ ચોડવામાં આવી હતી કે ઘાટકોપરમાં તે દિવસે સ્વામીવાત્સલ્ય છે પરંતુ રામભક્તોની નાટક મંડળીના સંચાલકોને ઘાટકોપરની જૈન જનતાના પ્રખર વિરોધની જાણ હોવાથી ઘાટકોપરમાં આવી નોટીસ બહાર પાડવામાં આવી નહોતી. જ્યારે ઘાટકોપર વાસીઓને ખબર પડી કે અમુક જૈનો તરફથી જમણવાર કરવામાં આવે છે. કે તુરતજ પિકેટીંગની ગોઠવણ કરવામાં આવી હતી. અને તેની સાક્ષી ઘાટકોપરની જનતા તો શું પરંતુ પથ્થરો પણ પુરે છે. હજુ પણ જાહેર રસ્તાઓપર લખવામાં આવેલ મુદ્રાલેખો મોજુદ છે. પિકેટીંગ કરવા માટે હું બીજી બે જૈન બ્હેનો સાથે દેરાસરમાં ગઈ હતી. અને લગભગ પોણો કલાક સુધી પિકેટીંગ કર્યું હતું છતાં તે (અ) જાણકાર ભાઈ કહેવાને હિંમત ધરે છે કે આવું કોઈ પિકેટીંગ થયુંજ નથી તો હું તેમને જાહેર ચેલેંજ કરું છું કે જો તે મરદ હોય તો જાહેરમાં બહાર આવે અને સાબીત કરે કે પિકેટીંગ કરવામાં આવ્યું નથી પરંતુ નહિ કે ગીધાંની બીબીઓ માફક પડદા પાછળ રહી જુઠાણા ફેંક્યા કરે, જાહેરમાં પોતાનું નામ આપવાની તો હિંમત નથી અને પિકેટીંગ કરનારી બ્હેનોનાં નામ માગવા બહાર પડેલ મરદ હોય તેમ જણાતું નથી. “સાંજવર્તમાન”ના તા૦ ૩૦-૫-૩૦ ના અંકમાં (પડઘા)માં આપવામાં આવેલ ચેલેન્જ કોઈ રામભક્તોએ ઉપાડી લઈ જાહેરમાં મરદાઈ બતાવી શક્યા નથી. કોણ પિકેટીંગ કરવા આવ્યું અને પિકેટીંગ થવાથી કેટલાં ભાઈ બ્હેનો ચાલી ગયા તે (અ) જાણકાર ભાઈને ખબર નથી તો પછી એ જાણકાર હોવાનો દાવોજ કેમ કરી શકે? પિકેટીંગ કરવાથી ઘણાં ભાઈ બ્હેનો ચાલી ગયા હતા અને તેને લીધે નથી પડેલ શીરો અંધ શ્રદ્ધાળુ રામભક્ત ગુલાબચંદ ગંડુલ કે જે આ રામ-મંડળીના તાંડવ નૃત્યનાં ઉત્પાદક હતા, તેમણે તથા તેમનાં બીજા સાથીઓએ ઘેર ઘેર જઈ આગ્રહ કરી તે શીરો મુકી આવ્યા હતા કે જે ઘણી બ્હેનોએ તો તે કુતરાને ખવરાવી દીધો હતો, તેજ સાબીતી પુરે છે કે પુષ્કળ માણસો જમણ જમવા સિવાય પાછા ચાલી ગયા હતા. અંતરાય કર્મની પુજા ભણાવવા માટે કોઈ પણ વિરોધ ન હતો, વિરોધ અત્યારે આવા જમણવાર માટેજ હતો. ધર્મના નામે અધર્મક કૃત્યો કરવા અને તેનો લુલો બચાવ કરે. ખોટા ગપ્પાં ચલાવી બહાર પડવું તેમાં કોઈ માનવતા નથી. ધર્મના નામે એ રામટોળીએ અનેક પાપકૃત્યો કર્યાં છે અને હજુ પણ જુઠાણા ચલાવી સમાજને ઉંધે રસ્તે દોરવવા પ્રયત્ન કરી રહ્યા છે તે હવે સમજુ વર્ગ ચલાવી લઈ શકે તેમ નથી. બાકી 'પિટનો બળવો' ગામ કોણ બાળે છે? એ તો જનતા સારી રીતે સમજી શકે છે, તેથી તે વિષે અમ્હારે કાંઈ કહેવાનું રહેતુંજ નથી.        લી૦ બ્હેન નવલ.

ઉપરનો લેખ 'મુંબઈ સમાચાર' પત્રમાં તા૦ ૧૦ મીએ બેન નવલ તરફથી મોકલવામાં આવ્યો હતો કારણ કે અજાણકારનો લેખ તે પત્રમાં પ્રકટ થયો હતો. પણ 'મુંબઈ સમાચારે' આ લેખ આટલા દિવસ સુધી પ્રકટ કર્યો નથી. જુના પત્રકારો પણ કેટલી ન્યાયબુદ્ધિ દાખવે છે તેનું આ દ્રષ્ટાંત છે.

## પાટણમાં જાગૃતિ.

પુજ્ય બાપુજીને પકડેલ કર્યા; તેજ દિવસે પાટણે હડતાળ પાડી, જાહેર સભા ભરી, અને તેજ સભામાં રાષ્ટ્ર સેવા મંડળ નામની સંસ્થા સ્થાપી.

મંડળે પાટણમાં લોકમત કેળવવા નિયમીત જાહેર સભાઓ અને સરઘસો કહાડીને જનતામાં જાગૃતિ આણી. આ જાગૃતિના પરિણામે, બ્હેનો અને ભાઈઓ સ્વયંસેવક તરીકે નોંધાયાં; ને કાપડ ઉપર પિકેટીંગ આદર્યું; ને કાપડીયા ભાઈઓએ દિવાળી સુધી નવું કાપડ ન મંગાવવાના ઠરાવો કર્યાં બીજી બાજુ દારૂ ઉપર પિકેટીંગ ન કરતાં, દારૂ પીનારાઓને સમજાવી ઠરાવો કરાવ્યા, જેના પરિણામે દારૂના વેચાણમાં અડધો અડધ ઘટાડો થયો.

બીજી બાજુ પાટણમાં ચરખા પુરા પાડવા, ખાદી ઉત્પન્ન કરવી અને વેચવી એ ઉદ્દેશથી હાલ ચરખા વર્ગની શરૂઆત કરી છે. તેમ ગામડાઓમાં ફરીને ઉપદેશદ્વારા લોકમત કેળવવાની શરૂઆત કરી છે. આટલા ટુંકા ગાળામાં રાષ્ટ્ર સેવા મંડળે ઠીક જાગૃતિ આણી છે.

## ભાવનગરમાં જાગૃતિ.

શહેર ભાવનગરમાં પણ બહિષ્કાર સમિતિની સ્થાપના કરવામાં આવી છે. તે સમિતિની પ્રેરણાથી ભાવનગરના વિલાયતી કાપડના વેપારીઓએ તથા રેશમી કાપડના વેપારીઓએ ત્રણ માસ માટે નવો માલ નહિં મંગાવવાનો ઠરાવ કર્યો છે. બહિષ્કાર સમિતિએ તે ઠરાવની નોંધ તેમના રેકર્ડમાં રાખવી જોઈએ. તે ઠરાવનું પાલન સંપૂર્ણ રીતે થાય તે માટે યોગ્ય બંદોબસ્ત કરવો જોઈએ. વિદેશી વસ્ત્રો વાપરવા નહિં તેવા પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ કરાવવાનું પણ ચાલુ થયું છે. તે કાર્ય વિશેષ પ્રકારે ચાલુ રાખવાથી બહિષ્કારના ઠરાવનો અમલ સચોટ થશે.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.



पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## કોન્ફરન્સ અને હાલની લડત.

સમગ્ર હિન્દુસ્તાનની જૈન પ્રજાની પ્રતિનિધિરૂપ ગણાતી, કોન્ફરન્સની વર્કીંગ કમિટિએ ગયા રવિવારે મળેલી મિટિંગમાં ચાલુ લડતને અંગે ઉચિત ઠરાવો કરી જૈન સમાજને માર્ગ દર્શાવ્યો છે. અમને ખાત્રી છે કે તે ઠરાવો જૈન સમાજ સ્વીકારશેજ એટલુંજ નહિ પણ સમાજનો મ્હોટો ભાગ તે ઠરાવોનો અમલ પણ કરશે ને તે રીતે કોન્ફરન્સ જૈન જનતાની પ્રતિનિધીરૂપ છે તે આપોઆપ સાબીત થશે. હિંદનો વ્યાપાર ચોક્કસ પ્રમાણમાં જૈન ભાઇઓના હાથમાં છે તેઓ વ્યાપારની દિશામાં ફેરફાર કરે ને સ્વદેશી વસ્તુઓનો વિકાસ કેમ થાય તેનો ખપ કેમ વધે તેની પેદાશ જરૂર પુરતી કેમ થાય તેવા માર્ગો લે તો તેમને નુકશાન થવાને બદલે વ્યાપાર તેમના હાથમાં રહેશે ને દેશને પણ લાભ થશે. ઠરાવો તપાસીએ, પહેલો ઠરાવ લડત પ્રત્યે સહાનુભૂતિનો તથા બીજો ઠરાવ મહાત્મા ગાંધીજીને અભિનંદનનો છે. આ ઠરાવો કરવા માટે કમિટિએ વહેલા જાગૃત થવાની જરૂર હતી. જૈન પ્રજા અહિંસાના સિદ્ધાંતમાં માનનારી છે. ધર્મગ્રંથો ને ચરિત્રગ્રંથો અહિંસાના સિદ્ધાંતોનાં દાખલાથી ભરપૂર છે પણ આ જમાનામાં મહાત્માજીએ વિકટ સંયોગોમાં અહિંસાના સિદ્ધાંતનું પાલન કરીને તથા સમાજ પાસે આ લડતમાં પાલન કરાવીને અહિંસાના સિદ્ધાંત તરફ સમગ્ર દુનિયાનું લક્ષ ખેંચ્યું છે. અમેરિકન તથા અન્ય વિદ્વાનો અહિંસાત્મક લડતની ફતેહ ઉપરથી પણ ઉપકારક પરિણામો નીવડવાની આશા રાખે છે તેથી મહાત્માજીને અહિંસાના સિદ્ધાંતોના આત્મા તરીકે આ ઠરાવમાં ઓળખાવેલા છે તે યથાર્થ છે. ત્રીજો ઠરાવ જે જૈન બંધુઓ આ લડતમાં જોડાયલા છે તેમને અને તેમાં જેઓ સજા પામેલા છે તેને અભિનંદન આપવા સંબંધીનો છે. આ ઠરાવ પણ અધુરો છે. ખાલી હાર્દિક અભિનંદનથી સ્વયંસેવકોને રાહત મળતી નથી તેમ બીજા સ્વયંસેવકો તરીકે જોડાવા ઇચ્છનારને જે મુશ્કેલીને લીધે તેઓ જોડાઇ શકતા ન હોય તે દુર થતી નથી. કોંગ્રેસ કમિટિ સ્વયંસેવકોના કુટુંબોની જરૂરીયાત માટે બનતો પ્રયાસ કરે છે. પણ દરેક કોમ પોતે પોતાના સ્વયંસેવક પુરતું તે કામ ઉપાડી લે તેને માટે ફંડ એકઠું કરી વાપરે તો કોંગ્રેસ કમિટિની એક જવાબદારી ઓછી થાય. વળી હવે પાછળના સમયમાં કોંગ્રેસ કમિટિઓને ગેરકાયદેસર ઠરાવવામાં આવે તે પ્રસંગે આ કાર્ય તેનાથી બનવા અસંભવિત થાય તેવા પ્રસંગે આવી યોજના કાર્યને નીભાવી રાખે. તે ઉપરાંત બીજી પણ ભલામણ આ ઠરાવમાં જૈન વ્યાપારીઓને કરવી જરૂરની હતી. સ્વયંસેવકો નોકરીમાં હોય તેઓ આ લડતમાં જોડાય તે દરમ્યાન તેનો પગાર તથા નોકરી ચાલુ રાખવાની વેપારીઓને ભલામણ કરવાની જરૂર હતી. ચોથો ઠરાવ ધરાસણા વગેરે જુદે જુદે સ્થળે થયેલા અત્યાચારો સંબંધે વિરોધ દર્શાવનારો હતો, ઠરાવ પાંચમો ખાદી તથા સ્વદેશી વાપરવાના આગ્રહ કરવા સંબંધીનો પસાર કર્યો હતો. જાહેર સભા આ બાબતમાં વધારે વ્યવહારૂ ઠરાવો વિસ્તારથી કરે તેમ અમે ઇચ્છીએ છીએ કોંગ્રેસ તરફથી બોયકોટ કમિટિ કામકાજ કરે છે તેના કાર્યમાં મદદ થાય તેટલા માટે આપણે બહિષ્કાર સમિતિ નીમવી જોઇએ. તે બહિષ્કાર સમિતિએ વોલંટીયરોદ્વારા દરેક જૈન ભાઇઓ અને બ્હેનો પાસે સ્વદેશી ચીજો વાપરવાના પ્રતિજ્ઞાપત્રો ઉપર સહીઓ લેવાનું શરૂ કરવું જોઇએ. રેંટીયા અને તકલી કાંતવાનો જૈન કોમમાં વધુ પ્રમાણમાં પ્રચાર થાય તેવા પ્રયાસો કરવા જોઇએ. કાપડ સિવાયની બીજી પરદેશી વસ્તુઓના બહિષ્કારને માટે જુદા જુદા પ્રકારની સુચનાઓ કરવી જોઇએ. જૈન વ્યાપારીઓને તેવો માલ મંગાવતા અટકે તેવો પ્રયાસ કરવો જોઇએ. ઠરાવ છઠ્ઠો રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના બહિષ્કાર સંબંધીનો છે. તે ઠરાવ યોગ્ય રીતે ઘડવામાં આવ્યો છે. જૈન સમાજે તો મહાત્માજીની હાજરી જે પરિષદમાં ન હોય અગર તેઓ જેને સંમત ન હોય તેવી પરિષદમાં પ્રતિનિધિ મોકલવો જોઇએ નહિ. જાહેર સભા આ ઠરાવો પાસ કરશે એવી અમે આશા રાખીયે છીએ. આ ઠરાવોનો જૈન કોમમાં વધુ પ્રચાર થાય તેટલા ખાતર જૈનોની જાહેર સભા બોલાવવા સંબંધીનો ઠરાવ સાતમો કરવામાં આવ્યો હતો તે મુજબ જાહેર સભા બોલાવવાનું નક્કી થયું છે. અમો દરેક જૈન ભાઇઓ તથા બ્હેનોને સભામાં હાજરી આપવા આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ. મિટિંગના પ્રમુખ તરીકે રા. રા. ભુલાભાઇ દેસાઇની પસંદગી બહુ અર્થસુચક છે. દેશ સેવિકા સંઘની સાથે રહીને તેમણે વિદેશીના બહિષ્કાર માટે મુંબઇ તથા અન્ય સ્થળોએ કરેલું પ્રશંસનીય કાર્ય સુવિદિત છે તેમનો અનુભવ પણ ઠરાવોની રચનાને અંગે ઉપકારક નીવડશે.

કોન્ફરન્સની વરકીંગ કમીટીનું કામકાજ ચાલુ લડતને અંગે ઠરાવો કર્યા ઉપરાંત કમિટિએ અન્ય કારોબારી કામકાજ કર્યું હતું. "જૈન યુગ" માસિકને આવતા ભાદ્રપદ માસથી પાક્ષિક બનાવવું અને દર પખવાડીએ એકમને દિવસે પ્રકટ કરવું. તંત્રી મંડળની નિમણુંક કરવામાં આવી. સભ્યોનાં આવેલાં રાજીનામાં મંજૂર કરવામાં આવ્યાં. સુકૃત ભંડાર ફંડનો ફાળો જેઓ તરફથી આવ્યો ન હોય તેમને ૧૫ દિવસમાં મોકલી આપવા તથા તેમ નહિં થાય તો તે જગાએ બીજા નિમણુંક થશે એમ જણાવવું એમ નક્કી કરવામાં આવ્યું.

### જૈનોની જાહેર સભા.

પ્રમુખ : રા. ભુલાભાઈ જે. દેસાઈ,
એડવોકેટ.

સ્થળ : શ્રી આદેશ્વરજીની ધર્મશાળા,
પાયધુની જંકશન, બીજે માળે,

ટાઇમ : સ્ટા. ટા. ૮ વાગતે રાતના,
ગુરૂવાર તા૦ ૨૬-૬-૩૦ (જ્યેષ્ઠ વદ ૦)).

**સર્વે જૈન ભાઇઓ જરૂર પધારશો.**

# શાસન પક્ષનો ? સી. આઈ. ડી. કોન્ફરન્સપ્રેમીનાં બુરખો ઓઢે છે.

## કહેવાતા ધર્મીપક્ષની આંધળી વકીલાત કરે છે.

### વીરશાસન વેવલાં વધારે છે.

બચાવી પાડેલી સત્તા જ્યારે સરી જવાનો સમય આવે છે ત્યારે સત્તાપર બેઠેલો સમાજ ન્યાય, નીતિ, ધર્મ, વિવેક અને માણસાઈ એમ બધાયે સદ્ગુણોને સલામ કરે છે અને એના પ્રતિપક્ષી દુર્ગુણોને સદ્ગુણ તરીકે સ્વીકારવા માટે ફાંફાં મારે છે; તે કાયદા, ધર્મ, શાસ્ત્ર અને એવા અનેક અણખામણાં ઓઠાં નીચે રાક્ષસ જાળ રચે છે, પાખંડ પોષે છે. છતાં એવું કોઈ માનતું નથી, સ્વીકારતું નથી, ત્યારે એ સમજી જાય છે કે આપણા નામથી હવે પ્રજા કે સમાજ ભડકે છે માટે કોઈ સી આઈ ડીને પ્રજા કે સમાજનો બુરખો પહેરાવી આપણો પ્રચાર કરીએ પણ જાગૃત થએલ પ્રજા કે સમાજ એવા સી. આઈ. ડી.ઓની સેતાનીઅત પળમાં પકડી પાડે છે ગઈ તા૦ ૧૮-૬-૩૦ બુધવારના રોજે મુંબઈનાં કોર્ટના ચર્ચામાં એવાજ એક સી આઈ ડીને કોઈ પારસી બાઈએ પકડી પાડી તેનો પટ્ટો સર બહેરામજી જીજીભાઈ મારફતે કમિશનર પાસે પહોંચાડવાની વાત જાણીતી છે. અમારા થોડા વેષધારીઓની ગુલામી કરતો એક વર્ગ શાસન રસીક, ધર્મી પક્ષ એ નામે બહાર આવ્યો અને ધર્મ સેવક વગેરે અનેક તખલ્લુસોથી એના લેખકો વર્તમાન પત્રોની કટારોમાં ઝળક્યાં અને સમાઈ ગયાં. પણ આ પક્ષ સમજી ગયો લાગે છે કે અમારી રીત, કારવાઈ, પદ્ધતિ, વલણ એ બધાં એટલાં મેલાં છે, બદતર છે, ક્ષીણ અને હલકાં છે કે તેના સાથે ધર્મ, શાસન અને એવાં પવિત્ર નામોને જોડીએ છીએ તો પણ કોઈ અમારૂં સાંભળવા તૈયાર નથી તો પછી માનવા તો તૈયાર હોયજ શાના ! અખીલ ભારત વર્ષના જૈન મૂર્તિપૂજક સમાજપર કાબુ, અસર અને પ્રભાવ ધરાવતી કોઈ સંસ્થા હોય તો તે જૈન શ્વે. મહાસભા (કોન્ફરન્સ) છે. એટલે ગઈ તા૦ ૧૨-૬-૩૦ ના મુંબઈ સમાચારમાં કહેવાતા શાસન પક્ષનો કોઈ સી આઈ ડી કોન્ફરન્સ પ્રેમીનો બુરખો ઓઢી બહાર આવ્યો છે તે પોતે પોતાને કોન્ફરન્સ પ્રેમી કહેતો હોવા છતાં લેખની શરૂઆતજ ત્યાંથી કરે છે કે કોન્ફરન્સ દેશદ્રોહ કરે છે. એના ટેકામાં તે નીચેની વાતો કરે છે. કોન્ફરન્સના કાર્યકર્તાઓ મુંબઈ સુરત અને વડોદરા વગેરે જ્યાં આવ્યા ત્યાં આંતર કલેશ વધારી આવ્યા, લેખકની આ બધાં સ્થળે હાજરી હતી તેથા હું પૂરી જવાબદારીના ભાન સાથે એ સી. આઈ. ડી.ને પડકાર આપું છું કે એની કાર્યવાહીની સમાલોચના માટે કોઈ જાહેર પ્રસંગ યોજે. એ ત્રણે સભાઓમાં ઐક્ય, વિદ્યા, વિકાસ અને એવાં સમાજોપયોગી કાર્યની જોરશોરથી હીમાયત થઈ છે. એની બીજી દલીલ એ છે કે કોન્ફરન્સવાળા ધર્મી-પક્ષને ઉતારી પાડવા પાછળજ પડ્યા છે. સુરત સોસાયટી અને 'દેશ' સમ્મેલનોમાં શ્રી નેમચંદ નાથાભાઈના મુખ્ય ભાષણો અને બીજાં પેટા ભાષણોની ગ્રહીણતા, અપશબ્દો અને તુચ્છતર ભાષા અને વિચારોનો થએલ ઉપયોગ જાણ્યા પછી કોન્ફરન્સ પ્રેમીના નામે ચોષાતા આ પાખંડને ન સમજી શકે તેટલો ગમાર હોવાની સમાજે ક્યારની ના સુણાવી છે. કહેવાતા, શાસન અને ધર્મપક્ષે હિંદના રાજકારણની એના, સરમુખત્યાર મહાત્માજીની પેટ ભરીને નિંદા કર્યા પછી આજે હવે એ વર્ગ પોતાની દલીલોમાં ધર્મને, શાસનને અને શાસ્ત્રોને સડાવી થાક્યો જણાય છે. તે સમજી ગયો લાગે છે કે આ અને આવા પરમ પુનિત નામો અમારાથી લાજે છે અથવા, એની સાથે અમારો મેળ હવાથી તેને કોઈ સાંભળવા માનવા તૈયાર નથી. તેથી પોતાની તાજુની ઉશ્કેરણીમાં પણ રાજકારણને દેશની પ્રગતિને, મહાત્માજીની અહિંસા, સત્ય, તપ અને ત્યાગને દલીલ તરીકે કે પછી પોતાના પક્ષ પ્રચારના હથીયાર તરીકે વાપરે છે. જૈન જીવનની ચેલેન્જમાંથી હટી જતાં કોઈ ધર્મ સેવકે પણ એવોજ ઢોંગ કર્યો છે તે કહે છે કે ચેલેન્જ કરનાર એક અજ્ઞાન ગ્રહસ્થ ક્યાં ? અને ત્યાગી મુની ક્યાં ? ચેલેન્જ આપનારે સમાન કોટીના ન હોય તો મોટાએ નાનાની ચેલેન્જ ઉપાડવી નહિં આવી દલીલના ટેકામાં પણ તે મહાત્માજીના શરણું સ્વર્ગ શોધે છે. શ્રી મોતીચંદભાઈ સોલીસીટર કાપડીયા જેવા કેળવાએલ સુશીક્ષીત અને પ્રૌઢ લેખક સામે ગત ચાતુર્માસમાં અજ્ઞાન, ગમાર, નાદાન અને પ્રક્ષાલનપણું ન આવડે તેવા બાળકો મારફતે ચેલેન્જો ફેંકાવ્યા પછી આજે એ પક્ષતરફ આ દલીલ સાંભળી પેટ પકડી હસવું આવે છે. આ તો સમાચારના બે લેખ ઉપર થોડી વીચારણા કરી. ગઈ તા૦ ૧૩-૬-૩૦ ના વીરશાસનમાં મુંબઈનું વાતાવરણ એ મથાળા નીચે મને ઉદ્દેશીને જે વેવલાં વધાર્યાં છે તેની જરા જાતી લઉં. છેલ્લા છ એક અઠવાડીયાથી હું પત્રીકામાં લખું છું તેથી વેષધારીઓની ગુલામી ભડકે બળે છે અને એનો ધુમાડો મુંબઈના વાતાવરણમાંથી અમદાવાદ જઈ અડે છે. મેં ગયા સોમવારના પત્રિકાના અંક શીવાય કોઈપણ લેખ શ્રી. રામવિજયજીને ઉદ્દેશીને લખ્યો નથી છતાં સોમવાર પહેલાં બહાર પડેલ વીરશાસનમાં લખાય છે કે મારો યત્ન શ્રી. રામવિજયના નશ પ્રકાશને ઉતારી પાડવાનો છે આનો અર્થ તો એ થયો કે તખલ્લુસધારી, ધર્મસેવક વગેરે જે જે લેખકોને મેં જવાબ આપ્યો છે એ જવાબ આપવાનો યત્ન શ્રી. રામવીજયજીને ઉતારી પાડવાનો છે એમ વીરશાસન કહે છે તો આડકતરી રીતે તર્ક એ વાત સીદ્ધ કરે છે કે મેં આપેલા જવાબ આપવામાં બધા તખલ્લુસોથી લખાએલાં લેખોના લેખક, જવાબદાર, પ્રેરક, પોષક અને જોખમદાર શ્રી. રામવિજયજી છે, જો તેમ ન હોય તો એમનુંજ વાજીંત્ર વીરશાસન આવું વિધાન કેમ કરે ? જનતાને કલ્પના, તર્ક અને શક તો એ હતોજ કે આ બધા પ્રચારના પ્રેરક કદાચ શ્રી. રામવિજયજી હશે તેને આજે વીરશાસન સાચા ઠરાવે છે. મહાવીર જૈન વિદ્યાલયવાળી સમસ્ત જૈનોની સભા બોલાવનાર વીશ આગેવાનો, આગેવાનો નથી એની પુષ્ટિમાં વીરશાસન આ દલીલ કરે છે તે સુરત સમ્મેલનોમાં ન હતા, શત્રુંજયના સમાધાનમાં ન હતા, એને આગેવાનો કોણે બનાવ્યા, સુરત સમ્મેલનમાં હોય તેજ આગેવાન એ વીરશાસનની નવી શોધ જાણી લઈ સમાજ એના માટે રીઝવર્ડ રહેવા દે. શત્રુંજયની સમાધાની વખતે મેં આખાએ કચ્છમાં પ્રવાસ કર્યો હતો. ના. વાઈસરોય પરના મોકલાવેલ પ્રોટેસ્ટપત્ર અને મેમોરીયલ પર સ્થાનકવાસી કે મૂર્તિપૂજકના ભેદ વગર સમસ્ત કચ્છી જૈન સમાજે તે પર સહીઓ કરી હતી. રાવસાહેબ રવજીભાઈ

સોજપાળ, ડૉ. મુનશી હીરજી મહીશેરી જે. પી. શ્રી દેવજીભાઈ ટોકરશી જે. પી. શ્રી નાનજી લધાભાઈ વિગેરે. વીરશાસનમાંથી એવા કેટલાએ મહરષીઓ છે કે જેમણે શત્રુંજય સમાધાન માટે મુંબાઈ મુકામે મળેલ જૈન કનવેનશનમાં ભાગ નથી લીધો? પણ ઇરાદાપૂર્વક આંખ અને કાન બંધ કરવા હોય, નાકની પરવા ન હોય તેઓને દલીલ કે સત્યની પરવા શી? હું કોઈ આગેવાનોના કુહાડાનો હાથો બન્યો છું અને એ પહેલાંના એક અંકમાં આડકતરી રીતે મહેનતાણુંથી લખું છું એવું વિધાન વીરશાસન કરે છે. વીશ વર્ષના જાહેર જીવનમાં કોઈ પણ લાલચ, વૈભવ કે મહેનતાણા જેવી તુચ્છતાથી ન લલચાવાનો મારો દાવો છે સંખ્યાબંધ જૈન મુનિઓ અને સાધ્વીઓને અધ્યયન કરાવ્યું છે શાળાઓ અને વિદ્યાલયોમાં સેવા કરી છે રાષ્ટ્રીય અધ્યાપન મંદીરના આચાર્ય થવાની તક સાંપડી છે. પણ કદી મહેનતાણું લીધું નથી, જીવનમાં આ અંગત નિવેદન પહેલીવાર એટલા માટે કરૂં છું કે સમાજ આ ગંદા પ્રચારથી ખોટો ખ્યાલ ન બાંધે હું નામ જોગ લખું છું તે માટે વીર શાસન મને ધન્યવાદ આપે છે એની હમેશના ટેવવાળી ગ્રામ્ય ભાષા મારા માટે એણે નથી વાપરી તેટલા પુરતું હું એનું અભિનંદન કરૂં છું છેલ્લાં બે વર્ષની હાજરી દરમ્યાન આ પાખંડ સામે મારો પ્રતાપ છતાં મારી જીભ અને કલમપર મેં તાળું મારેલ પણ જૈન શ્વે. મહાસભા સામેના જુન્નર મુકામે થએલ એના હીચકારા આક્રમણ પછી એ પક્ષના મલીન પ્રચાર સામે મારે યથાશક્તિ સત્ય સમાજ સમક્ષ ધરવું એ નિશ્ચય કર્યો અને તેને નિભાવવા ઇચ્છતો.

પંડિત આણંદજી દેવસિંહ શાહ.

## અમદાવાદ જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા.

તા૦ ૧૭-૬-૩૦ ને મંગળવારના રોજ રા. પોપટલાલ શામળદાસ શાહના પ્રમુખપણા નીચે મળી હતી, તેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) અમદાવાદના નાગરીક અને જાણીતા મીલમાલીક શેઠ રણછોડભાઈ અમૃતલાલ અને મુનિશ્રી જીનવિજયજી સૈનિકો સાથે ધરાસણાની મીઠા પરની ચઢાઈના નાયક તરીકે જે ભાગ લીધો છે અને તેને પરિણામે તેઓ સરકારના મહેમાન બન્યા છે તે માટે એ દરેકને આ સંસ્થા અભિનંદન આપે છે.

(૨) ધરાસણાની મીઠાની ચઢાઈ અંગે જે સૈનિકોએ અહિંસક રહી સરકારી અમલદારોના હાથે થયેલ અત્યાચારો સહન કરી લડતને દીપાવી છે તે માટે તે સર્વને આ સંસ્થા અભિનંદન આપે છે.

(૩) સરકાર તરફથી મુંબઈની ધારાસભામાં નિમાએલ મીસીસ ડીકીન્સને સરકારી અત્યાચારો સામેના વિરોધ તરીકે ધારાસભાનું જે રાજીનામું આપ્યું છે તે માટે આ સંસ્થા તેઓશ્રીને અભિનંદન આપે છે અને વળી ધારાસભામાં સરકાર તરફથી નિમાયેલ શેઠ કીકાભાઈ પ્રેમચંદ તથા કાઉન્સીલ ઓફ સ્ટેટમાં બિરાજતા શેઠ વિજયસિંહજી દુધેડીયા આદિને પણ આ દાખલાનું અનુકરણ કરી તેને સંસ્થામાંથી રાજીનામું આપી, દેશસેવા બજાવી, રાષ્ટ્રપ્રેમનું દર્શન કરાવે એવી તેમને વિનંતી કરે છે.

(૪) સરકારી ઇલ્કાબધારીઓને પોતપોતાના ઇલ્કાબ અને તેની સનંદ આ રાષ્ટ્રીય ચળવળ પ્રતિની દમનનીતિના વિરોધ તરીકે સરકારના પર પાછા મોકલવા આ સંસ્થા વિનંતી કરે છે.

## દેશની આઝાદીના ધર્મયુદ્ધમાં સત્યાગ્રહી જૈન વીરો.

—:o⊂⊃:():⊂⊃o:—

### જૈન સત્યાગ્રહીઓના વધુ નામો.

૧૩૬ ભગવાનલાલ દાનજી
૧૩૭ પુનમચંદજી રાંકા
૧૩૮ પટેલ જતન લાલજી ગોપાલ B. A. L. L. B.
૧૩૯ ભેરાવમલજી ડાંગા
૧૪૦ પ્રેમચંદ મગનલાલ
૧૪૧ પોપટલાલ હરગોવનદાસ
૧૪૨ માણેકચંદ સોમચંદભા
૧૪૩ આશકરણ ભવક
૧૪૪ જશકરણ ડાંગા
૧૪૫ હીરાલાલ લવજી
૧૪૬ શીવજી કરમશી બાદોઇ
૧૪૭ માંગજી હીરજી મારૂ રતાડીયા
૧૪૮ પ્રેમજી હેમરાજ કાશા (લોકમંચ)
૧૪૯ માવજી ઝવેરચંદ ગાંધી આંબાર જેલ"ાં)
૧૫૦ ખીમજી વેલાભાઈ ખોના
૧૫૧ કાનજી ઉદેશી મેશેરી
૧૫૨ કલ્યાણજી ખીમરાજ ધરમશી (જેલમાં)
૧૫૩ જેઠા કમશી
૧૫૪ કલ્યાણજી રવજી
૧૫૫ ખીમજી ભગવાનજી
૧૫૬ પ્રેમજી હેમરાજ.
૧૫૭ પુનમચંદજી ભંડારી.
૧૫૮ કુંદનમલજી ફ્રીરોદીઆ.
૧૫૯ છગનલાલ ઉત્તમચંદ (જેલમાં)
૧૬૦ ચંદુલાલ જમનાદાસ.
૧૬૧ રમણલાલ મણીલાલ પટેલ.
૧૬૨ રસીકલાલ મણીલાલ પટેલ.
૧૬૩ કાન્તિલાલ મણીલાલ પટેલ.
૧૬૪ દલીચંદ જેચંદ
૧૬૫ ચંપકલાલ હરગોવન.

[ વધુ નામો આવતા અંકમાં. ]

## : : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂ. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબાઇ નં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ નં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

બહિષ્કાર સમિતિની સ્થાપના. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૨૭ મો. | સંવત ૧૯૮૬ ના અષાઢ સુદી ૪. તા૦ ૩૦-૬-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## વિજયસિંહજી દુધેડીયા અને મૌલાના શૌકતઅલી.

સાઈમન કમીશનનો રીપોર્ટ પ્રગટ થતાંવેંત સર્વત્ર તે રીપોર્ટને એક અવાજે વખોડી કાઢવામાં આવ્યો છે. તે રીપોર્ટમાં જવાબદાર રાજતંત્રના માર્ગે પ્રજાને આગળ લઈ જવાના ઓઠા નીચે અનન્ત કાળ સુધી હિંદુસ્થાનની પ્રજાને સરકારી રાજ્યતંત્રમાં જકડી રાખવાનીજ યુક્તિઓ રચવામાં આવી છે અને પાને પાને એકાન્ત દંભ અને છળ યુક્તિઓ ભરી છે. આવા દેશદ્રોહી રીપોર્ટ ઉપર જ્યારે સર્વત્ર ફીટકાર વરસી રહ્યો છે ત્યારે આખા હિન્દુસ્તાનમાં માત્ર બે નરરત્નો એવા નીકળ્યા છે કે જે તે રીપોર્ટને આનંદથી વધાવી લે છે. એક તો મૌલાના શૌકતઅલી અને બીજા હમણાં હમણાં આ બાજુ માનપાન ભોગવી ગયેલા રાજા વિજયસિંહજી દુધેડીઆ. આ બે નરરત્નોમાં આજે બીપીનચંદ્ર પાલનો ઉમેરો થયો છે. આ (દુધેડીયા) શ્રીમાન્ મહાશય તા૦ ૨૭-૬-૩૦ ના સ્ટેટસમેનમાં લખે છે કે :—

"સાઈમન કમીશનની ભલામણોનો અમલ કરવામાં આવશે તો તેથી આ દેશ અસાધારણ રાજકીય પ્રગતિ સાધી શકશે. ઈંગ્લાંડ ૧૯૧૭ના જગજાહેર ઢંઢેરાને બરોબર વળગી રહેવા માંગે છે અને હિન્દુસ્થાનને ખરા માર્ગે દૃઢતાપૂર્વક દોરવા માંગે છે તેનો આ ભલામણો ચોક્કસ પુરાવો છે. આ રીપોર્ટ એક મોટો ઐતિહાસિક બનાવ ગણાશે. આની સરખામણી કેનેડાના રાજ્ય બંધારણને લગતા ૧૮૪૦ ના ડર્હામ રીપોર્ટ સાથે બરોબર થઈ શકે તેમ છે.

"મને જણાવતાં ખેદ ઉપજે છે કે મારી જૈન કોમ જે આખા હિંદુસ્થાનમાં સૌથી વધારે ધનિક છે તેના પ્રત્યે દુર્લક્ષ આપવામાં આવ્યું છે. તે ઉપરાંત પ્રાન્તિક બંધારણમાં ઉમરાવોની ધારાસભાનો પ્રશ્ન મુલતવી રાખવામાં આવ્યો છે. વળી એ પણ ખેદજનક છે કે ધારાસભામાં જમીનદારોનું પ્રતિનિધિત્વ વધારવાને બદલે તેમના ચાલુ પ્રતિનિધિત્વને અત્યારના બંધારણમાં જે ખાસ રક્ષણ આપવામાં આવ્યું હતું તે પણ લઈ લેવામાં આવ્યું છે."

આ આખો અભિપ્રાય દુધેડીયા મહાશયનું માનસ કેવું છે તેનો સંપૂર્ણ પરિચય આપે છે. પહેલાં તો અમારો તેમને પ્રશ્ન છે કે સાઈમન રીપોર્ટ કે જેની ઉપર તેઓ આટલા બધા વારી જાય છે તે તેમણે વાંચ્યો છે ખરો અને સમજ્યા છે ખરા ? બીજું ડર્હામ રીપોર્ટનું મોઢું તેમણે કદિ જોયું છે ? ખરી રીતે હિન્દુસ્થાનની રાજકીય પ્રગતિની તેમને લેશમાત્ર ચિન્તા પડી નથી. તેમને તો 'હું, મારી જૈન કોમ અને મારા જમીનદાર બાંધવો'—એ સિવાય બીજું કાંઈ દેખાતું જ નથી. આ એજ દુધેડીયા મહાશય છે કે જેઓએ જ્યારે હિન્દુસ્થાનની સમસ્ત જનતાએ સાઈમન સપ્તકનો બહિષ્કાર કર્યો હતો ત્યારે કલકત્તામાં આ કમીશનને મોટી ગાર્ડનપાર્ટી આપી હતી. સુરતે ભલે તેમની બાદશાહી પરોણાગત કરી હોય અને મુંબઈના અમુક મોટા માણસોએ ભલે તેમની શ્રીમન્તાઈને માનપત્રથી નવાજી હોય, પણ આખી જૈન કોમ તો આવા સંકુચિત અને ખુશામતખોર જમીનદારથી જરૂર શરમાય છે. તેમના પૂર્વજો (?) જગતશેઠ, અમીચંદ આદિએ વ્યાપાર લાભની અપેક્ષાએ ભારતવર્ષના ભાગ્યને વેચ્યું હતું એવો આક્ષેપ છે; આજે આ દુધેડિયા મહારાજ એજ વારસો સંભાળવા માંગે છે કે શું એવો પ્રશ્ન થાય છે.

પ્રસ્તુત અભિપ્રાયમાં 'મારી જૈન કોમને કંઈ મળ્યું નથી' એ ઉદ્‌ગાર પૂર્ણ ખેદ અને રોષ ઉપજાવે તેવા છે. જૈન કોમે એવા કોઈ પણ પ્રકારના સ્વતંત્ર હકોની માગણી કરી નથી. જ્યાં ભારતવર્ષની પ્રજા હોય ત્યાંજ જૈનો હોઈ શકે. આગેવાન જૈનો પોતાની સ્વાભાવિક યોગ્યતાના બળે અત્યારના રાજકારણમાં સહેજે આગળ પડતો ભાગ લઈ રહ્યા છે. તેમને ખાસ રક્ષણની કદિ જરૂર છેજ નહિ. આમ હોવા છતાં જૈન કોમના એક પ્રતિનિધિ હોવાનો દાવો કરીને દુધેડિયા રાજાએ જે ઉદ્‌ગારો કાઢ્યા છે તેમાં ધૃષ્ટતા અને અહંતા સિવાય અમે બીજું કશું જોતા નથી.

અમે આશા રાખીએ છીએ કે હવે પછી બીજો કોઈ જૈન બંધુ આપણા દેશમાં જે બાબત ઉપર આટલી બધી તીવ્ર લાગણી ફેલાઈ રહી છે તેનો છેદ કરવા બહાર નહિ પડે. નહિ તો તેનો જાહેર વિરોધ કરવાની અમને ફરજ પડશે.

## શ્રી. ખરીદીયા જેલની દેવડીએ.

ગુર્જર ભૂમિના બહાદુર બાળકો ભારતના આંગણે મંડાયલા ધર્મયુદ્ધમાં પોતાના દેશબાંધવોના પડખે એક પછી એક હરતે વદને ખડા થતા જાય છે. શ્રી. મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખ રા. રા. મંગળદાસ નથુભાઈ ખરીદીયા કે જેઓ અમદાવાદ સત્યાગ્રહ ટુકડી નં. ૧૦ માં આબુંદ મુકામે છાવણીના કેપ્ટન તરીકે દારૂનિષેધની પ્રવૃત્તિ કરતા તા૦ ૨૭-૬-૩૦ ના રોજ અહિંસક યુદ્ધના કેદી બનવાનું માન મેળવી ચુકયા છે, જેમને ૭ માસની સખ્ત કેદની સજા કરવામાં આવી છે. આ શહીદને અમારા અંતઃકરણપૂર્વકના અભિનંદન છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

## બહિષ્કાર સમિતિની સ્થાપના.

જૈનોની જાહેર સભાએ પાડેલો પડઘો કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ તુરતમાંજ ઉપાડી લીધો તે જોઇ અમોને આનંદ થાય છે. અમે આશા રાખીએ છીએ કે કમિટિ તરતમાંજ પોતાનું કામ શરૂ કરી દેશે. કામ કરવાના બે પ્રકાર છે પહેલું કમિટિએ સીધું કામ શરૂ કરી દેવું તે માટે સ્વયંસેવકો માગવા. બીજી રીત જુદા જુદાં સાથવાળાઓને બોલાવવાની છે. અને તે રીત હાલના વાતાવરણમાં લાંબી થઇ પડશે. સાથવાળા આવે ને તેમનો સાથ ભેગો કરે તેમાં સહેજે અઠવાડીયા ચાલી જાય. અમદાવાદમાં પણ સીધી પદ્ધતિથી વધારે કામ થયું હતું ત્યાં જુદી જુદી ન્યાતો પહેલા બોલાવવામાં આવી નહોતી. પહેલાં તો સ્વયંસેવકોની માંગણી કરવી ને સારી સંખ્યામાં નોંધાવવા. બહિષ્કારના પ્રતિજ્ઞાપત્રો છપાવવા. ચોકંટીપરો જૈન વસ્તીવાળી ગલીઓમાં જાય. કમિટિના આગેવાનોએ શરૂઆત કરાવવામાં ભાગ લેવો જોઇએ. હવે આગેવાનોએ ઓફીસોમાં બેઠા રહેવાથી કામ થઇ શકે તેમ નથી. જૈન વસ્તીવાળા ભાગોમાં ટુંકા ભાષણો કરાવવા જોઇયે. ને તે આગેવાનોએજ કરવા જોઇયે. દરરોજ કેટલું કામ થાય છે તેની યાદી ચોક્કસ કામ થયા પછી બહાર પાડવી જોઇયે. નાના નાના હસ્તપત્રો સાદી ભાષામાં પ્રગટ કરી વહેંચવા જોઇએ. દરેક જૈન સ્ત્રી પુરૂષોને મળે તેવી રીતે વહેંચાવવા માટે ગોઠવણ કરવી જોઇયે. સામાન્ય કાર્ય થયા પછી સાથવાળાઓની સાથે મળી કામ કરવાથી દરેક સાથમાં ઠરાવો કરાવવાનું કામ સહેલું થશે. હાઇસ્કુલ તથા કોલેજના જૈન વિદ્યાર્થીઓ આ કાર્યમાં રસપૂર્વક ભાગ લેવા બહાર પડશે ને કેળવાયેલાઓ તરફ થતા આક્ષેપોને ખોટા પાડશે. મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા અન્ય જૈન બોર્ડીંગના વિદ્યાર્થીઓ આ તકે પોતાની કોમ તરફની ફરજ અવશ્ય બજાવશે તેવી અમોને આશા છે; વિદ્યાલયના સંચાલકોએ કોમમાં નકર કાર્ય કરવાનો વખત આવ્યો છે તે પ્રસંગે વિદ્યાલયના વિદ્યાર્થીઓ પાછળ રહી જવા ન જોઇએ. કમિટિ પોતાના કાર્યમાં ફતેહમંદી મેળવે તેટલું ઇચ્છી આ લેખ પુરો કરીએ છીએ.

---

## જૈનોની જાહેર સભામાં પસાર થયેલો ઠરાવ.

(ક) દેશની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે હાલમાં જે અહિંસાત્મક ચળવળ હિંદી રાષ્ટ્રીય મહાસભા તરફથી ચલાવવામાં આવે છે તે તરફ પોતાની સહાનુભૂતિ છે.

(ખ) આ અહિંસાત્મક ચળવળના પ્રણેતા અને સત્ય અને અહિંસાના સિદ્ધાન્તોના આત્મા પુજ્ય મહાત્મા ગાંધીજીને અભિનંદન આપે છે. અને તેમને વગર તપાસે કેદ કર્યા તે માટે વિરોધ દર્શાવે છે.

(ગ) આ ચળવળમાં જે જૈન બંધુઓ જોડાયા છે તેમને અને જેઓ પોલીસ અત્યાચારના ભોગ થઇ ઇજા પામ્યા છે તેમને અને જેઓ સરકારની શિક્ષાને પાત્ર થયા છે તેમને હાર્દિક અભિનંદન આપે છે.

(ઘ) ધરાસણા વીગેરે સ્થળે સત્યાગ્રહી સૈનિકો ઉપર પોલીસે જે અમાનુષી અત્યાચારો ગુજાર્યા છે તે માટે વિરોધ પ્રદર્શિત કરે છે.

(ङ) સર્વે જૈન બંધુઓ તથા બ્હેનોને આગ્રહ કરે છે કે સર્વેએ ખાદી અને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ અવશ્ય કરવો અને ખાસ કરીને પરદેશી વસ્તુઓને ઉત્તેજન ન આપવું.

(ચ) ગોળમેજી પરિષદનો વિરોધ કરવામાં આવ્યો હતો તે ઉપરાંત ઓર્ડીનન્સ સામે વિરોધ તથા શનિવારના રોજ આઝાદ મેદાનમાં થયેલા અત્યાચારો માટે વિરોધ જાહેર કરવામાં આવ્યો હતો.

તા. ક. જગ્યાની તંગીને લઇને ઠરાવ ટુંકા રૂપમાં આપ્યો છે.

---

## કોન્ફરન્સની વર્કીંગ કમિટિની મિટિંગ.

### સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિની નીમણુંક.

કોન્ફરન્સની વર્કીંગ કમિટિની એક મિટિંગ તા૦ ૨૯-૬-૩૦ ના રોજ કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી, હાજરી સારા પ્રમાણમાં હતી કામકાજ નીચે પ્રમાણે થયું હતું.

(૧) તા૦ ૧૫-૬-૩૦ ના રોજ મળેલી કાર્યવાહી સભામાં અને ત્યારબાદ જૈન કોન્ફરન્સ અને જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે મળેલ તા૦ ૨૬-૬-૩૦ ના રોજ જૈનોની જાહેર સભામાં પસાર થયેલા ઠરાવો પૈકી વિદેશી વસ્ત્રના અને બ્રિટીશ માલ, બેંકીંગ, વીમા તથા શીપીંગના બહિષ્કાર સંબંધી આપણા જૈન સમાજમાં અમલી કાર્ય શરૂ કરવા માટે નીચેના ગૃહસ્થોની એક સમિતિ આ કાર્યમાં ઉપયોગી થાય તેવા, ઉમેરવાની સત્તા સાથે નીમવામાં આવે છે. અને તે સંબંધમાં તેઓ જે કાંઇ યોજના ઘડે, તેનો અમલ કરવાને તે સમિતિને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે. અને આ કાર્યમાં બીજી જૈન સંસ્થાઓનો બને તેટલો સહકાર સાધવાની આ સમિતિને ખાસ ભલામણ કરવામાં આવે છે. આ સમિતિને "સ્વદેશી પ્રચાર અને બ્રિટિશ બહિષ્કાર સમિતિ" તરીકે ઓળખવાનું નક્કી કરવામાં આવે છે.

#### બહિષ્કાર સમિતિ.

શેઠ ચીનુભાઇ લાલભાઇ }
,, મણીલાલ મહોકમચંદ } મંત્રીઓ.

શેઠ સારાભાઇ નેમચંદ હાજી. શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ. શેઠ રણછોડભાઇ રાયચંદ. શેઠ મગનલાલ મુળચંદ શેઠ અમીચંદ ખેમચંદ. ડૉ. મુનશી હીરજી મહીશેરી. શેઠ કાનજી ઉદેશી. શેઠ મોહનલાલ હરીચંદ દેસાઇ. શેઠ ચીમનલાલ હીરચંદ. શેઠ વલ્લભદાસ ફુલચંદ મહેતા. શેઠ નાનચંદ કસ્તુરચંદ મોદી. શેઠ જીવણચંદ ધરમચંદ. શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ.

(૨) અજીંમગંજવાળા રાજા વિજયસિંહજી દુધેડીઆએ સ્ટેટસમેન પત્રમાં સાઇમન રીપોર્ટ ઉપર અભિપ્રાય દર્શાવ્યો તેમાં જૈન કોમને ભુલી જવામાં આવી તે માટે દીલગીરી દર્શાવી બીજી બાબતો વાતો કરી હતી. તે અભિપ્રાયનું ગુજરાતી ભાષાંતર શેઠ ચીનુભાઇ લાલભાઇએ કમિટિ સન્મુખ સમજાવ્યું હતું તે ઉપરથી કમિટિએ સર્વાનુમતે તેમના તે અભિપ્રાયને વખોડી કહાડનારો તથા જૈન કોમને નામે રાજા બહાદુરને અભિપ્રાય આપવાનો હક્ક છેજ નહિ તે મતલબનો ઠરાવ પસાર કર્યો હતો.

(૩) બોયકોટ વીકને અંગે તા૦ ૩૦-૬-૩૦ ને રોજ કોં. ઓ. ના મકાને રાષ્ટ્રીય ધ્વજ ચઢાવવાનું નક્કી થયું હતું ને બુધવારે રાષ્ટ્રીય ધ્વજને વંદન કરવાનું ઠેરાવવામાં આવ્યું હતું. કેટલુંક પરચુરણ કામ કરી કમિટિ વિસર્જન કરવામાં આવી.

# મુંબઇના જૈનોની જાહેર સભા.

## જૈનોએ લીધેલી સ્વદેશી કાપડની પ્રતિજ્ઞા.

### પ્રમુખ શ્રી. ભુલાભાઈ દેશાઇનું સચોટ વક્તવ્ય.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તથા મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે જૈનોની એક જાહેર સભા શ્રી આદિશ્વરજીની ધર્મશાળામાં તા૦ ૨૬-૬-૩૦ ના રોજ દેશની આઝાદીની લડતને અંગે કોન્ફરન્સની કાર્યવાહક સમિતિએ કરેલ ઠરાવને અનુમોદન આપવા મળી હતી.

સભાનો હોલ જનતાથી ચિક્કાર ભરાઇ ગયો હતો. પ્રમુખ શ્રી. ભુલાભાઇ આવ્યા તે પહેલાં પંડિત લાલનજીએ સરફરોશીકી તમન્નાનું સ્વદેશ ગીત ગવરાવ્યું હતું અને ઇન્કીલાબ ઝીન્દાબાદ-હિન્દુસ્તાન ઝીન્દાબાદ-કોન્ફરન્સ ઝીન્દાબાદના વારંવાર પોકારો થતા હતા.

શરૂઆતમાં શ્રીયુત્ મકનજીભાઇ બેરીસ્ટરે પ્રમુખ માટેની દરખાસ્ત રજુ કરતાં જણાવ્યું હતું કે આ વખતની જુન્નેરની કોન્ફરન્સ વખતે કાર્યક્ષેત્રમાં રાજકીય કાર્યનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. હાલ જે ચળવળ સ્વતંત્રતા પાછી મેળવવા માટે ચાલી રહી છે તેના આત્મા મહાત્મા ગાંધીજી છે. તેઓશ્રીએ અહિંસાના તત્વ પર સ્વતંત્રતા મેળવવા નિર્ધાર કર્યો છે. તેઓ જૈન સાધુની જેમ પગે ચાલી દાંડી સુધી ગયા અને ઘણીજ અસર કરી, તેમાં જૈન ભાઇઓએ પણ સારો ફાળો આપ્યો છે. ઘણા ભાઇઓ આત્મભોગ આપી જેલ ગયા છે. પૈસા અને વખતનો પણ સારો ભોગ આપે છે. આપણે બ્રિટિશ માલનો બહિષ્કાર કરી, સ્વદેશીને ઉત્તેજન આપવું જોઇએ. હું આશા રાખું છું કે જૈન કોમ પણ દેશની આઝાદીની લડતમાં પાછી પાની નહિજ કરે. અને પ્રમુખશ્રીને જૈન કોમને આઝાદીની લડતમાં ફાળો આપવા સંબંધી સલાહ આપવા વિનંતિ કરી હતી.

પ્રમુખશ્રી ભુલાભાઇ દેશાઇએ જણાવ્યું હતું કે આપણા દેશની સ્થિતિને અંગે અત્યારે એવો પ્રસંગ આવ્યો છે કે હવે સભા ભરવાની કે ભાષણો કરવાની જરૂર રહી નથી. જો ફક્ત ભાષણજ કરવાનું હોય તો તો મારે તમારો આભાર માની ચાલ્યા જવું જોઇએ. ભાષણને અંગે લાંબા વખતે વર્તનમાં મૂકાય તેવો સમય પણ રહ્યો નથી. મહાત્માજીએ કુચ દરમિયાન એક મોટી મેદની સમક્ષ કહ્યું હતું કે તમે જો ફકત તમાસો કે સીનેમા જોવા એકત્ર થયા હો તો જાહેર છે કે હું છાનોમાનો એકલોજ ચાલ્યો જઈશ. તેમજ માત્ર સહાનુભૂતિના શબ્દો કે ઠરાવોને કોઇ પણ ટેકો કહે તો તે, મન મનાવવા જેવું વ્યર્થ છે. એટલા માટે મારી તો ચોકખી શરત છે કે તમે જે ઠરાવ કરો તે આજથીજ વર્તનમાં મૂકવાના છો. નહિંતર તો ઘરે બેસી રહેવામાંજ આપણી શોભા છે. હજુ પણ સમજાવવાની જરૂર હોય તો ચળવળ મૂકી દેવી પડે. અને ફુલ નહિ તો ફુલની પાંખડી જેટલો ભોગ આપવાની વૃત્તિથી નિષ્ફળતા મળે. અત્યારે તો દરેક વ્યક્તિએ પોતાની ફરજ સમજી પૂરેપૂરો ફાળો આપવાની દેશની હાકલ છે. આ લડત કંઇ કોમી લડત નથી. આ લડત જૈન ભાઇઓ તરીકેની નથી-અહિંસા રૂપે છે તે માટે ખોટા ગર્વને માન આપવા કે જૈનોની પૂરી ગણાતા અમદાવાદમાંથી લડત શરૂ થઇ તે માટે હું અત્રે આવ્યો નથી. આ લડતમાં કોમી સવાલજ નથી. કોમીવાદથી તો સત્યાનાશ ગયું છે. કોમી સવાલ ગણીને તો કેટલાએકે સરકારને ટેકો પણ આપ્યો છે. પરંતુ હિન્દી તરિકે પોતાની ફરજ બજાવતા થઇ જવાનું કહેવા આવ્યો છું. જૈન કોમે ઘણો ભોગ આપ્યો છે, લડતમાં અહિંસા મૂળ સિદ્ધાંત છે તેનું માન કે અભિનંદન આપવા અત્યારે હું નથી આવ્યો. પરંતુ જૈન કોમનો ભોગ હજુ ઘણો ઓછો છે તે માટે વિચાર કરવા અને દરેક હિન્દી તેવા અસંતોષની લાગણીને લીધે, અત્યારેજ બને વધારે તેટલો ભોગ આપવા તૈયાર થાય તે માટે પ્રયાસ કરવાનો છે.

પ્રથમ એક બીજાને અભિનંદન આપી આપણે સુઇ જતા. કેળવાયેલાઓ બહુ તો એકાદ મિટિંગ ભરી તેમાં માણસો ઓછાં હોય તો પોતાના કલાર્કોને બોલાવી લાવી, ઠરાવ કરતા અને માનતા કે આપણે મોટામાં મોટી આઝાદી મેળવીએ છીએ, તે સમય તો ક્યારનો ચાલ્યો ગયો છે. ફક્ત જય બોલવાથી સિદ્ધી થવાની નથી પરંતુ તે માટે તો રહસ્ય સમજી, દરેક વ્યક્તિ શું કરી શકે તે કરવાથીજ જય મળે તેમ છે.

આપણી હાર કેમ થઇ ? અને લડત ભાંગી કેમ પડે છે ? સર્વ કોઇ પોતાના સુખનો વિચાર કરે. પોતાના કુટુંબનો વિચાર કરે. બીજા કરે, તો કરવાનો વિચાર કરે, એટલે સાત લાકડી ભેગી થાય નહિ અને સર્વ ભાંગે. આવા વિચારોથી તો મરી જઇએ તો પણ કદાપી કામ ન થાય. એક વખત ફ્રેન્ચીસ હોસ્પીટલને કેટલા રૂપીઆ મદદ આપવી તે નક્કી કરવા ભેગા થયેલા ભાઇઓ બીજા શું આપે છે તે જોવા સામા સામા વાત કરી. પા કલાક થઇ, પરંતુ કંઇજ કામ ન થયું ને ઉભા થઇ ગયા.

#### લડતનું રહસ્ય.

તેટલા માટે બીજા ભાઇઓ શું ભોગ આપે છે તેનો વિચાર માત્ર ન કરતાં, પોતે શું કરી શકે છે તે કરી છૂટવાનું છે, બીજાની ટીકા કરવાનો પણ હવે સમય રહ્યો નથી અને વિચારમાંજ ચાર માસ વીતી જાય, તો પછી વીલે મોઢે પાછા પડશો અને ગુલામી કાયમ થશે. "મારે કાલ કરે તે આજ, અને આજ કરે તે અબ." હું ફરીથી કહું છું કે તમે ફ્રેન્ચીસ હોસ્પીટલ ચલાવી છે કે અમુક અનાજ આપ્યું

છે પરંતુ આગલા કાર્યથી અસંતોષ ગણીને, ફરજ પુરતું હજુ કર્યુંજ નથી તેમ ગણી આગળ ધપવાનું છે. વડીલોનાં અહિંસાનાં બળ કે તેમના કાર્ય માટે વ્યાજ લેવા માગતો તો ભુલ છે. આજે તો મારે ભુલોજ કહેવાની છે, માટે ગઈ કાલનો કે આવતી કાલનો વિચાર ન કરતાં આજેજ વર્તનમાં મુકો.

**કેળવાયેલાને લડતમાં જોડવા ચીમકી.**

પ્રથમની ચળવળમાં સરકાર કહેતી કે આ બાબત તો ફકત કેળવાયેલાજ બોલે છે. વેપારી તેમજ અજ્ઞાન સમુહ કહેતો નથી અને તેમના ટ્રસ્ટી તરીકે સરકાર દાવો કરતી હતી. અત્યારે તો આ અજ્ઞાન બાલ-સમુહ-વર્ગ આગળ આવ્યો છે. અત્રેની કોન્ગ્રેસના હોદ્દેદારો જુઓ તો ચાર છોકરા અને બે સ્ત્રી છે. જે વખતે કામ કરવાનું ન હતું ત્યારે પ્રતિનિધી થવા આપણે કેળવાયેલા નીકળતા. આ તો લાજની વાત થઈ. એટલે જમા બાજુ તો મોટી છે. પણ ઉધાર શું છે? સામાન્ય જનસમુહ આગળ ધપે છે. ત્યારે નેતાઓ દેખાતા નથી. કદાચ બે ત્રણ લાખ માણસની સભા કે સરઘસમાં જોડાય. પરંતુ ખરી ચળવળમાં ભાગ લેનાર કેટલા છે? કેટલાએક કહે છે કે સત્યાગ્રહી વોલંટીઅર ફકત ત્રણ હજાર છે. તે સર્વ ખપી ન જાય તે માટે અને તેટલો તેમનો ઓછો ઉપયોગ કરવો. તેનો જવાબ એ છે કે ભલે ચળવળ દબાઈ જાય-કચડાઈ જાય, પરંતુ તેને સડી જવા નજ દેવાય. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં ન જવું, તે નકારના શબ્દો છે. તેમાં સરકારની કે આપણા લોકોની ટીકા છે. માટે તમે આ ચળવળમાં શું કરવા તૈયાર છો તે નક્કી કરવાનું છે.

**આ ચળવળના મુખ્ય ત્રણ વિભાગ છે.**

(૧) સત્યાગ્રહ, (૨) વિદેશી ત્યાગ, (૩) દારૂનિષેધ. દારૂનિષેધના સંબંધમાં તમને કહેવાપણું નથી. તમો બહિષ્કારની બાબતમાં શું કરવા માગો છો? આ કાર્ય તો નાનું બચ્ચું પણ કરી શકે. તે સર્વવ્યાપક છે. સ્વદેશી વાપરવામાં અને વિદેશી કાપડ ત્યાગ કરવામાં ગુન્હો પણ નથી. અંગ્રેજોને પણ લાગે છે કે સ્વદેશી વાપરવાનો તો સર્વનો હક છે અને સરકારને પણ સ્વદેશી બેન્ક, વીમા કું. વિગેરે સારૂં નથી તેમ જાહેર કરવા સત્ય પ્રકાશ હેન્ડબીલ કાઢવું હતું તે બંધ કરવું પડ્યું છે. કાયદા ન પાળવા ખાતર મારી શકાય. અહિંસાનું બળ ન હોય તો તોફાન થાય અને ગોળીબાર પણ થઈ શકે. પણ સ્વદેશી ખાતર મારી શકાય તેમ નથીજ.

**વેપારીની મનોદશા.**

વેપારી ભાઈઓ કહેશે કે માલ છે તેનું શું? અમારી આંટનું શું કરવું? જવાબ:-તમારા નુકશાનનો વિચાર કરવાનો નથી. હિન્દનું તો નાક કપાશે. એટલે હિન્દની આઝાદીનો-નાકનો વિચાર કરવાનો છે. વળી માલજ ન આવે તો? વેપારી કહે કે તો નશીબ ફુટયું. તો અમારૂં નશીબ જાગ્યું. અને હૈયાફુટી અક્કલ ઉઘડી. કારણ કે હજુ આપણી અધમતા છે કે ચોરી છુપીથી પણ બે વાર વિદેશી કપડું કેટલાએક ખરીદે છે. હજુ દેશદ્રોહ છે કે કાપડ લઈ તેના રૂપીઆ આપશે. આ બધી બાબતની કિમ્મત હોય તો આ વર્તન પર તેની કિમ્મત છે. વેપારી ભાઈઓ ન માને તો હું દેશ પાસે જઈશ, ન લેવા સમજાવીશ. કારણ રાજ્ય તંત્રની ચાવીનો વ્યક્તિઓ પર આધાર છે. એક કરે તેમ ત્રીશ કરોડ કરે તો ત્રીશ કરોડ થાય. તેમ દરેક બે રૂ. બચાવે તો સાઠ કરોડ રૂપીઆ બચે.

અત્યારે લાગણી ઘણી છે. પરંતુ તે શું કામની? શ્રીયુત વીઠલભાઇની સલાહ છે કે એક વરસ સુધી કાપડ ન લેવું. સલાહ ઉત્તમ છે. પરંતુ વર્તનમાં તેવું રહેલું નથી. એટલે હું કહું કે બને ત્યાં સુધી નજ લેવું, છેવટ ખાદી લેવું. પરંતુ વિદેશી તો હરગીજ નજ લેવું. વિદેશી કાપડ મોટે ભાગે શ્રીવર્ગ માટેનું હોય છે, એટલે જેને ફેન્સી માલ કહેવાય છે તે બંધજ કરવો. અને શુભ પ્રસંગે પણ જુની સાડીઓથી સ્ત્રીઓએ ચલાવવું જોઈએ અને અત્યારે બીજું થઈ શકે તેમ પણ નથી. વેપારી વર્ગ વેપાર બંધ ન કરે, કારણ કે વિલાયતી વેપાર બાંધેલો છે. નફો વધારે રાખી શકાય છે. દેશી માલમાં તેમને વધારે કસ ન રહે.

આપણે બે વાત સમજવાની છે. એક તો આપણા ભવિષ્યનો વિચાર કરવાનો છે, અને બીજું ઇશ્વરને હિસાબ આપવાનો છે. બહિષ્કારમાં નુકશાન નથી. ગુન્હો નથી. સ્વદેશીમાં કદાચ વધારે ભાવ પડે તો કરકસર કરજો. અગવડ વેઠજો. ઓછી વસ્તુથી નિભાવજો. અને ભોગ આપ્યા વિના કે સંકટ સહન કર્યા વિના સ્વરાજ્ય નથી. બીજા દેશોએ તો આઝાદીની કિમ્મત ઘણી મોટી આપી છે. યુરોપમાં તો છેલ્લી મોટી લડાઈમાં બધી પ્રજાઓની સો વરસની દોલતનો ધુમાડો થઇ ગયો છે, અને લાખો મરી ગયા ત્યારે સ્વતંત્રતા રહી. તો આત્મભોગ અને સંકટ સહન કર્યા વિના સ્વરાજ ન મળે. આજે લડતને અઢી મહિના થયા છે, રસ ચડયો છે. એટલે ચાલતું ગાડું સરળ ચલાવવું જોઈએ, માટે બહિષ્કારનો સંકલ્પ કરજો. મારે તો પ્રતિજ્ઞા લેવડાવવી છે. અત્યારે મહાત્માજીનો આત્મા જેલમાંથી પણ જોઇ રહેલ છે, તે આત્માને કકળાવશો તો ઇશ્વરને શું જવાબ આપશો તે તમે અને તમારો પરમાત્મા જાણે.

ત્યારબાદ શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ ઠરાવ વાંચી સંભળાવ્યો હતો. તેઓએ પ્રમુખશ્રીએ કહેલ અતિ મહત્વની બાબત-વિદેશી વસ્ત્રોના ત્યાગ માટે જાહેર રીતે પ્રતિજ્ઞા લેવા સુચના કરી હતી. હાજર રહેલા દરેકે હાથ ઉંચા કરીને પ્રતિજ્ઞા લીધી છે તેમ જાહેર કર્યું હતું. ત્યારબાદ તેઓએ સર્વ વિલાયતી માલના બહિષ્કારને અંગે આપણે ઘણું કરી શકીએ તેમ છીએ તે બાબત સચોટ રીતે સમજાવી હતી.

ઉપરોક્ત ઠરાવને અનુમોદન આપતાં શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહે જણાવ્યું હતું કે હું કમકમાટી ઉપજાવે તેવા સરકારી અત્યાચારોની યાદી આપવા નથી માગતો. સરકાર અત્યારે વિવશ બની છે અને ધાક ધમકી કે હરકત ઉભી કરી કામ લેવા ધારે છે પરંતુ તેમાં તેમને જરૂર પાછું પડવું પડશે. હિન્દુ પ્રજાનો સ્વભાવ શાન્તિપ્રિય છે એટલે જુના કાળમાં રાજ્ય પલટો થઇ જતો તો પણ જે સુબો હોય તે ધણી રહે અને લોકોને ખબર ન પડે પણ હવે એ સમય નથી રહ્યો. સરકાર એટલી તો પરવશ છે કે વીમા, શરાફી બેન્ક, શીપીંગ માટે ઉતારી પાડવાં પેંફલેટદ્વારા પ્રયત્ન કર્યો, પણ તે સરકારને નીચી મુંડીએ પાછું ખેંચી લેવું પડયું. આપણે ધારીએ તો શરાફી બેન્કના સંબંધમાં ઘણું કરી શકીએ તેમ છીએ તે માટે ખુબ વિસ્તારથી સમજાવટ રજુ કરી હતી. કારણ કે જૈનોના હાથમાંજ શરાફીનો ધંધો મુખ્યત્વે કરીને હતો વળી આપણા ટ્રસ્ટ ફંડો જેના આપણે ટ્રસ્ટી હોઇએ તે ફંડો હવે દેશી બેન્કોમાં અથવા આપણી

બેન્ક સ્થાપી તેમાં રોકવા જોઈએ. આપણે બોલીએ તે આપણે કરી બતાવીશું તોજ બહિષ્કાર સફળ થશે.

ભાઈ પરમાનંદે વધુ અનુમોદન આપતાં સમજાવ્યું હતું કે આ ઠરાવ યુદ્ધની દરેક બાબતને ટેકો આપે છે. ૧૯૦૫ થી ૧૦ ની સાલમાં લાલ-બાલ અને પાલના સમયમાં સ્વદેશીની આંધી થઇ હતી અને ચાલી ગઇ. શ્રીમતી બીસેન્ટની હોમરૂલની ચળવળ આવી, થોડા વખત પછી તેનો પણ ઓટ થયો. ૧૯૨૦ થી ૧૯૨૧ માં અસહકારનાં પ્રજાએ પગલાં ભર્યાં. તે પ્રવૃત્તિઓ બે વરસ ચાલી પણ વચલા વરસોમાં પ્રચારકાર્ય ચાલ્યા કરતું હતું અને અત્યારે તો યુદ્ધ જાહેર કર્યું છે અને મહાત્માજીએ રીતસર અલ્ટીમેટમ આપ્યું છે કે અમે અમારા ઘરમાં અમારૂં તંત્ર ચલાવવા માગીએ છીએ અને હવે આપણે પાછા પડીએ તો આપણો વિનાશ સર્જાયેલો છે. હજારો માણસો અત્યારે જેલ ભોગવે છે. હજારો માણસોને લાઠીનો માર પડે છે. અત્યારે સર્વત્ર દાવાનળ સળગી રહ્યો છે તેમાંથી કોઇ છુટો રહી નહિ શકે. દરેકને સપડાયેજ છુટકો છે. પ્રથમ સરકાર કાયદાથી કામ લેવાનો દેખાવ કરતી હતી. હવે તેમને કાયદો પાલવે તેમ નથી. એટલે ઓર્ડીનન્સો નીકળે છે અને લાઠીનો વરસાદ વરસે છે. જેને કાયદાનો જરા પણ ટેકો નથી આ લડતની બે બાજુ છે. એક ખંડનાત્મક :-કાયદો તોડવો, વેપારી સ્વાંગો તોડી નાંખવા, પીકેટીંગ કરવું, અને બીજી રચનાત્મક :-ખાદી પહેરવી, અસ્પૃશ્ય ઉદ્ધાર, મદ્યપાન નિષેધ વિગેરે.

તેમાં દરેકે ભાગે પડતું કાર્ય કર્યા વિના છુટકોજ નથી. આ લડતમાં ભાગ ન લેવાય તેવો ઉપદેશ આપનાર બેવકુફ હવે કોઇ નજ હોય. દરેક ભાઇ પોતાનું જીવન તપાસે અને દેશના હિતમાં મદદ કરે. અત્યારે ધાર્મિક ઉત્સવો ન થઇ શકે. નોકારશીનાં જમણો તેમજ વરઘોડા ન શોભે. અત્યારે તો પાઇએ પાઇ યુદ્ધમાં ખરચાવી જોઇએ, અને તે પછી તેમણે વિનંતિ કરી હતી કે આ સમયે પોતાના નોકરને તેમજ સગાં સંબંધીને પાળવા અને સાધનો કરી આપવાની યોજના કરી અસ્તિત્વ સફળ કરવા જૈન વેપારીઓને અપીલ કરી હતી.

શ્રીયુત્ ચીનુભાઇ સોલીસીટરે કહ્યું હતું કે આ કાર્ય કોન્ફરન્સે ઉપાડી લેવું જોઇએ, અને સ્વદેશીની પ્રતિજ્ઞાઓ લેવાય તે માટે તાત્કાળીક યોજના કરવી જોઇએ અને સાથોસાથ કાંતવાનું કામ અસરકારક રીતે સમજાવ્યું હતું.

ત્યારબાદ શ્રીયુત્ મણીલાલે અમદાવાદમાં જૈનોની દસ હજારની સંખ્યાએ પહેલીજ સભામાં સ્વદેશીની પ્રતિજ્ઞા લીધી હતી અને દેરાસર કે ઉપાશ્રયમાં વિદેશી પહેરી ન જઇ શકાય તે માટેની યોજના માટે ખુબ ભારપૂર્વક સમજાવ્યું હતું અને તેમાં ત્રણે ફિરકા સાથે મળી કામ કરી શકે તેવા યોજના કરવા સૂચના કરી હતી.

શ્રીયુત્ તલકચંદ કપાસીએ સ્વદેશીમાં સ્વરાજ છે, વિદેશીમાં વિનાશ છે તે બાબત સુંદર વિવેચન કર્યું હતું.

ત્યારબાદ પ્રમુખશ્રીએ ચોખવટથી સમજાવ્યું હતું કે ખાદીથી કામ સરે તો તે ઘણુંજ ઉત્તમ છે અને કાપડની મીલોનાં આંકડા આપ્યા હતા. અત્યારની સ્થિતિ જોતાં, વિદેશીના બહિષ્કાર માટેજ સ્વદેશી કાપડની તેમણે વધુ હિમાયત કરી હતી.

પ્રમુખશ્રીએ મત પુછીને ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો જાહેર કર્યો હતો.

# વીરશાસનની ચેલેન્જનો જવાબ.

## પોતાના પક્ષને પુછી પછી બીજાને પુછો.

( લેખક : શા. મહાસુખભાઈ ચુનીલાલ-વીસનગર. )

તા૦ ૨૦-૬-૩૦ ના વીરશાસનમાં પાના ૫૯૩ ઉપર ''મુંબઇનું વાતાવરણ'' એ મથાળા નીચે તેના લેખક મને ચેલેન્જ ફેંકતાં જણાવે છે કે ''મહાસુખભાઇ જૈન સાધુઓ તથા સાધ્વીઓના કલ્પિત અને મલીન ચિત્રો રજુ કરે છે તે ખરા છે એમ જો એ નામ નીશાન સાથે વર્તમાન સાધુઓમાંથી સાબીત કરી બતાવી આપે તો તેનો સો દૂર કરવાને મુનિશ્રી રામવિજયજી મહાસુખભાઇનો સપ્રેમ સાથ કરવા તૈયાર છે એમ લાલબાગની પાટપરથી જાહેર થયું છે. મહાસુખભાઇ આ ચેલેન્જ સ્વીકાર ઉપાડી લે.''

આવી ચેલેન્જ ફેંકાયાનું લેખક લખે છે. મુનિ રામવિજયજીની સહી સાથેનો લેખ નથી તો પણ ટુંકામાં હું લેખક મહાશયને એટલુંજ જણાવું છું કે આવી ચેલેન્જ મને ફેંકવા કરતાં આપના પક્ષની સુરત મુકામે ગયા ચૈત્ર વદ ૧ ના રોજ મળેલી ઓલ ઇન્ડીઆ યંગ મેન્સ જૈન સોસાયટીની પહેલી પરિષદના પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં સુરત કંઈ શાસનપ્રેમી ધર્મી પુરૂષો આગળ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે ''પુજ્ય સાધુ સંસ્થામાં કુસંપે ઘર ઘાલ્યું છે, એકલ વિહારી સ્વચ્છંદી સાધુઓની સંખ્યા વધતી જાય છે, કેટલાક પતિત સાધુઓ ધર્મના નામે અધર્મ ઉપદેશી રહ્યા છે.'' આ પ્રમાણે આપના પક્ષના પ્રમુખ ઢોલ વગાડી જાહેર રીતે કહે છે તો આપ કૃપા કરીને તે મને પુછો કે એવા પતિત સાધુઓ ક્યાં છે? તેમનો ખુલાસો મળેથી બધી વાતનો ખુલાસો થઇ જશે. મારા જેવાને પુછવાની જરૂર નહીં રહે. હાલનો એક તાજો દાખલો જોઇતો હોયતો મનહરવિજય સાધુ મંત્ર જંત્ર કરી ધુમાડા કરી શાંતિવિજયનો ચેલો હોવાનું જણાવી લોકોને ઠગે છે અને પૈસા કઢાવે છે. તેમનાથી કેટલાક સારા ભોળા સાધુઓ પણ છેતરાયા છે હમણાં વડનગરમાં ઘણા લોકો છેતરાવાના તાજા દાખલા બનેલ છે. માટે કૃપા કરી તમારી સોસાયટીના કોઇ સજ્જનને મોકલી તપાસ કરાવો એટલે ખાત્રી થશે કે એવા સાધુઓથી તમારી આખી સાધુ સંસ્થા નીંદાય છે. સાંભળવા પ્રમાણે મુનિસિદ્ધિવિજયનો ચેલો છે. એકવાર તે સંસારી બની પાછો સાધુ થયો છે, તેના હાથે કેવાં કેવાં કૃત્યો થયાં છે તે જાતે તપાસી જુઓ અને પછી ચેલેન્જો ફેંકો.

વીસનગર તા૦ ૨૫-૬-૩૦.

કોન્ફરન્સના સેક્રેટરી શ્રીયુત્ ઓટાલાલ પ્રેમજીએ પ્રમુખશ્રીનો ઉપકાર માનતાં, સર્વ ભાઇઓને લીધેલી પ્રતિજ્ઞા પાળવા આગ્રહ કર્યો હતો અને મંદિરોમાં પીકેટીંગ કરવા અને દેરાસરોમાં પણ ખાદીજ વાપરવા આગ્રહપૂર્વક સમજાવ્યું હતું, અને શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેસાઇએ દરખાસ્તને અનુમોદન આપતાં, શ્રીયુત્ ખુશાલભાઇના ન પધારવા તેવા વ્યાખ્યાન માટે ટુંક વિવેચન કર્યું હતું અને જ્હેમત જરૂર ફળીભૂત થશે તેની ખાત્રી આપી હતી. મહાત્મા ગાંધીજીની જયના પોકારો વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

# ધરાસણાનું ધર્મયુદ્ધ અને જૈનત્વનો જય

## શ્રી મહાવીર પ્રભુને સંગમ દેવે કરેલા અતિ ઉગ્ર ઉપસર્ગની એક ઝાંખી યાદી.

જગતની મહાન્ આત્મ વિભૂતિ મહાત્મા ગાંધીજીએ આદરેલા ધર્મયુદ્ધનું ક્ષેત્ર શ્રી ધરાસણા આ ભારતભૂમિની સ્વતંત્રતાની સાત્વિક લડાઇનાં ઇતિહાસમાં એ ભૂમિની યાદ સોનેરી અક્ષરથી લખાય તો તે આશ્ચર્ય જેવું ગણાશે નહિં. મહાત્માશ્રી ગાંધીજી ગીરફતાર થયા પછી તેમના ચુસ્ત અને પવિત્ર સત્યાગ્રહીઓએ જે ધૈર્ય અને સંયમથી સત્યાગ્રહને ઉજ્જ્વળ બનાવ્યો છે તે જગતના ઇતિહાસની નોંધમાં પવિત્ર ગાથા તરીકે નોંધાશે અને જે ભૂમિ ઉપર રહી તેઓએ આત્મ સંયમથી આસુરી હૃદય પર વિજય મેળવ્યો છે તે ભૂમિ આધ્યાત્મીક જીવન વીકસીત કરવા ભવિષ્યમાં તિર્થ-ભૂમિ ગણાશે, અને પૂજ્ય મહાત્મા ગાંધીજીના આત્મીક જ્ઞાનની ભાવના દીર્ઘકાળ પર્યંત તે ભૂમિ જગતને આપશે. મહાત્મા ગાંધીજીના શિષ્યો (સત્યાગ્રહીઓ) પોતાના મનોબળથી આસુરી પ્રકૃતિ પર જે સુંદર વિજય મેળવી શક્યા છે તેની નોંધ એક જૈન તરીકે અત્રે લખતા આત્મદ્રષ્ટિએ મ્હારૂં હૃદય તેમનામાં રહેલા જૈનત્વને વારંવાર, નમન કરે છે.

જૈન શાસ્ત્રોમાં સાધુને અપેક્ષી વારંવાર કહેવામાં આવ્યું છે કે—

"હે સાધુ! તને કોઇ ગાળ આપી તારો અપરાધ
"કરે તો પણ તું તેનાપર ક્રોધીત થઇશ નહિ. પણ તું
"તારા આત્મા સાથે વીચાર કરજે કે જીવ આતો અથો
"અને અજ્ઞાન માણસ છે કે તે તારા શરીરને કંઇ નુક-
"શાન કરતો નથી. તેના અપશબ્દથી તારા આત્માને
"શું નુકશાન થવાનું છે? વળી હે સાધુ! કોઇ તારા
"શરીરને મરણાંત કષ્ટ જેટલું દુઃખ આપે; તો પણ
"તેનાપર તું દ્વેષ કરીશ નહિ. પણ તું આત્મા સાથે
"વિચાર કરજે કે આ શરિર નાશવંત છે ક્ષણભંગુર છે;
"જે વાધીથી તેનો નાશ થવાનો હશે તે પ્રમાણે તેનો
"નાશ થશે. આમ વિચારી સામા પ્રત્યે તું સમ-
"ભાવ રાખજે."

આમ કષાય મુક્ત થવા, આસુરી પ્રકૃતિપર વિજય મેળવવા, સાધુને અપેક્ષી જૈન ગ્રંથોમાં ઠેક ઠેકાણે ઉપદેશ છે. આવાજ પ્રકારનો ઉપદેશ સાંપ્રતકાળે મહાત્મા ગાંધીજીએ શત્રુનો હૃદયપલટો કરાવવા તેમના સત્યાગ્રહી શિષ્યોને વારંવાર આપેલ છે. તે સુંદર ઉપદેશ સત્યાગ્રહી-ઓએ કેટલો ઝીલ્યો છે તે ધરાસણા તથા પેશાવરના ધર્મ યુદ્ધની હકીકત વિસ્તારપૂર્વક હવે પછીના ઇતીહાસમાં લખાશે ત્યારે જગત તેનાથી વીદીત થશે.

હાલ તો ધરાસણાના યુદ્ધમાં સાત્વીક સત્યાગ્રહીઓને આસુરી પ્રકૃતિએ જે દુઃખો આપ્યા છે તે ભૂતકાળના ૨૫૦૦ વર્ષ પહેલા આ ભારત ભૂમિપર બનેલા એક મહા કરૂણ બનાવનું સ્મરણ કરાવે છે. પ્રભુ શ્રી વર્ધમાને ગ્રહત્યાગ કર્યા પછી છદ્મસ્થાવસ્થામાં હતા ત્યારે આત્મસાક્ષાતકાર કરવા ઘોર તપશ્ચર્યા કરતા વિચરતા હતા તે અવસરમાં એક રાત્રે પ્રભુ ધ્યાન દશામાં ધ્યાનસ્થ થયા હતા તે વખતે ઇંદ્ર મહારાજાએ પોતાની સભામાં આ પવિત્ર આત્માના મનોબળની પ્રશંસા કરી તે એક ક્ષુદ્ર જીવાત્મા સંગમદેવની આસુરી પ્રકૃતિને સહન ન થવાથી સંગમે પ્રભુની પાસે આવી જે દુઃખ આપેલ છે તે શાસ્ત્રમાં યથાયોગ્ય લખાએલું છે. તે વાંચતા હૃદયમાં કંપારી છુટે છે. શાસ્ત્રમાં લખે છે કે સંગમદેવે કરેલો પ્રભુ પરનો ઉપસર્ગ જેટલો અતિ દારૂણ અને ભયંકર હતો તેટલી તેની સામે પ્રભુ મહાવીરની કરૂણા (દયા) અપાર હતી. આ પવિત્ર આર્યાવર્તના મહા પુરૂષ ઉપર થએલા ઉપસર્ગની જૈન શાસ્ત્રમાં એક કરૂણ કથા છે કે જે વાંચતા મેરૂ પર્વત જેવું કઠોર મન પણ ચીસ પાડયા વિના રહે નહિ.

ધરાસણા ધર્મયુદ્ધમાં શાંત સત્યાગ્રહીઓને આસુરી પ્રકૃતીએ વચનથી અને શરીરથી જે પીડા આપેલી છે તેનું વર્ણન સાંભળતા હૃદયમાં એક ભીષણ આઘાત થયા વીના રહેતો નથી. કેટલાક મનસ્વી અમલદારોએ સત્યાગ્રહીઓને આપેલી બિભીત્સ ગાળો, લાઠીઓનો પ્રહાર, ઘોડાના પગ તળે ચગદાવવા, ખાડીના ખારા જળમાં ઝબોળવા, કાંટાની વાડોમાં તેમના દેહને ફેંકી દેવા, ગુહ્ય ભાગ પર અમાનુષી મુઢ માર, આ બધા ઉપસર્ગો ગમે તેવા મનોબળ ધરાવતા મોટા સન્યાસી કે સાધુની સાત્વીકતા ઓગાળી કષાય ઉપજાવે તેવા હોવા છતા સત્યાગ્રહીઓ આ બધાથી જરા પણ ડગ્યા નથી. મનથી જરા પણ સાત્વીકતાને તજી નથી. આ તેમનો આસુરી પ્રકૃતિપરનો પુર્ણ વિજય છે, તેઓ ધન્યવાદને પાત્ર છે. મહાત્મા ગાંધીજીના ઉપદેશને તેઓએ કૃતાર્થ કરી કૃતાર્થ થયા છે અને મહાત્મા ગાંધીજીના તેઓ સાચા શિષ્યો છે એમ જગતને ખાત્રી કરી આપી છે. અને આ ભારત ભૂમિની સ્વતંત્રતાની આધ્યાત્મીક યુદ્ધના સાચા સૈનિકોની લડત કેવી પ્રશાંત હતી એમ જગતને તેઓએ બતાવી આપ્યું છે.

થોડા દિવસ પહેલા કોંગ્રેસ હોસ્પીટલમાં શ્રીયુત શેઠ અબદલાભાઇ ધરાસણાના યુદ્ધમાં ઘવાઇ અત્રે આવેલા ત્યારે તેમના દર્શનનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું, તેમની સાથે વાતો કરતા તેઓશ્રીના મુખેથી ધરાસણામાં તેમના સૈનિકોની ધૈર્યતાનું જે વર્ણન કર્યું તે સાંભળી હૃદય રોમાંચક થયું અને અહો! પ્રભુ મહાવીરના ધર્મની સાત્વીકતા મહાત્મા ગાંધીજી દ્વારા જનતામાં કેટલી પ્રસરી છે? આમ જગતમાં જૈનત્વનો જય થતો જોઇ આ આપત્ કાળના વર્ણન સાંભળતા તેટલો મને હર્ષ થયો અને આ લેખ લખવાની પ્રેરણા થઇ.

શ્રીયુત અબદલા શેઠ શરીરથી મુસલમાન છે પણ તેમનામાં મેં જે સાત્વીકતા જોઇ તે જેટલી સાચા સન્યાસીમાં હોય તેટલી તેમનામાં છે. ખરેખર જૈનત્વ જાતી પરત્વે નથી પણ આત્માના ગુણ પરણતી પર જૈનત્વ છે એ શાસ્ત્રનું સુત્ર સત્ય છે. આમ તીરોભાવે જૈનત્વનો જય જગતમાં જયવંતો છે એ જોઇ આ કરૂણ વિષયમાં પણ હર્ષ થાય છે!

ઘણું જીવો જૈનત્વ.

લી૦ શિવલાલ લવજી શાહ.

નોટ: આ લેખમાં પ્રભુ મહાવીર અને સત્યાગ્રહીઓના વ્યક્તીત્વનું સામ્યપણું બતાવવાનો મ્હારો ઇરાદો નથી પણ મહાવીર પ્રભુ પ્રત્યે સંગમે કરેલા ઉપસર્ગમાં અને ધરાસણાના યુદ્ધમાં લાઠીરાજે સત્યાગ્રહીઓને આપેલા દુઃખો! એટલે કે દૈવી અને આસુરી પ્રકૃતિ વચ્ચેના યુદ્ધમાં આસુરીનું માનસ અને દૈવી પ્રકૃતિનું માનસ કેવું હોય છે, તે બતાવવાનો મ્હારો આ પ્રયાસ છે; તેની વાંચનારે નોંધ લેવી.

# વીરશાસન ? વાણી છળ રચે છે.

## મહાવીર વિદ્યાલયની નકલી માતાનું પોત પ્રકટ થાય છે.

—(૦)—

## પુરૂષવર મહાત્માજી સામે પ્રલાપ કરે છે.

### દલીલનું દીવાળું ફુંકાય છે.

પ્રભુશ્રી સુમતિનાથ સ્વામીના ચરિત્રમાં એ વાત જાણીતી છે કે કોઇ લંપટ નારીએ એક સજ્જન સ્ત્રીનો સુંદર બાળક પોતાનો હોવાનો દાવો કરી નકલી માતાએ ઝગડો માંડયો. પ્રકરણ રાજદ્વારે ગયું ન્યાય મુશ્કેલ બન્યો ગર્ભસ્થ પ્રભુ સુમતિનાથના પ્રભાવે રાણી સાહેબે ન્યાય હાથમાં લીધો અને બાળકના બે કકડા કરી બન્નેને વહેંચી આપવા હુકમ ફરમાવ્યો. લંપટ નકલી માતાએ તે કબુલ્યો પણ સાચી સજ્જન માતાએ તેનો મજબુત વિરોધ કર્યો; અને પોતાના બાળકને બચાવી લેવા તે બાળક પેલી નકલી માતાને સોંપવા સમ્મતિ જાહેર કરી. પ્રભુની માતાએ વિરોધ કરનાર સજ્જન બાઇને તે બાળક સોંપ્યો; અને પેલી બની બેઠેલી બાળકની નકલી માતાને શિક્ષાએ પહોંચાડી

મુંબાઇ મહાવીર વિદ્યાલયને તોડી પાડવા અને એનું ચાલે તો એનો ઉચ્છેદ કરવાની કહેવાતા શાસનપક્ષ અને એના જુનુની વેષધારીઓની વૃત્તિ સમાજમાં જાણીતી છે આ જડ અને ઝનુની વર્ગે જેમ જેમ વિદ્યાલયનો વિરોધ કર્યો; એને તોડવા તરકટીઓ માંડ્યાં; તેમ તેમ વિદ્યાલયનો તો વિકાસજ થયો; અને આ "અક્કલ બાજીના" હાથ હેઠા પડયા. રાષ્ટ્રિય વિકાસ સામે આ વર્ગનો અણગમો, ગુસ્સો અને વિરોધ જાણીતો હોવા છતાં આજે એણે પોતાના પક્ષ પ્રચારમાં અને પોતાનો જાણીતો વિરોધ જાહેર કરવામાં રાષ્ટ્રિય પ્રવૃત્તિને હથીઆરરૂપ વાપરવાની એની મેલી રીતની જાહેરાત મારા અગાઉના લેખમાં મેં કરી છે. ગઇ તા૦ ૨૦-૬-૩૦ ના અંકમાં વીરશાસન પોતાના અગ્રલેખદ્વારાએ વિદ્યાલયની નકલી માતા હોવાનો દંભ કર્યો છે એ લેખની ભુમિકામાં હિંદી રાજકારણમાં પડેલા જૈન સેવાભાવી યુવાનો, ત્યાગ પરાયણ સુધારકો અને જૈન રાષ્ટ્ર સેવકોને પેટભરી ગાળો આપ્યા પછી મહાસભાના આદેશને માન આપી વિદ્યાલય ખાલી કરવાની સલાહ આપે છે આજના સંયોગોમાં જૈન યુવાનોએ કોલેજો છોડવી જોઇએ અને એમ દરેક રીતે સરકારી અહંકારને સલામ કરી મુક્તિ સંગ્રામમાં ઝુકાવવું જોઇએ એ ખુલ્લું સત્ય છે પણ શાસન પક્ષના આ વાજીંત્રને રાષ્ટ્રિય હીત સાથે કદિએ સંબંધ હોવાનું જાણ્યું નથી એને જ્યારે મહાવીર વિદ્યાલય માટે હીત ઉભરાઇ આવે છે ત્યારે એ સ્પષ્ટ થાય છે કે વિદ્યાલયને ઉન્મૂલન કરવાનો એનો છુપો દ્વેષ અને આશય આજે ફરી ફરી એકવાર રાષ્ટ્રિય પ્રવૃત્તિના પડદા નિચે પ્રકટ થાય છે અને વિદ્યાલયની નકલી માતા તરિકેનું પોત પ્રકાશાય છે.

જૈન કોલેજીયનોને, વકીલોને અને બીજાઓને સલાહ આપનાર આ વાજીંત્રનો એક પણ સૂર 'દેશ' સમ્મેલનના છેલ્લા પ્રમુખ શ્રી. દુધેડીઆ સાહેબને સ્ટેટ કાઉન્સીલમાંથી રાજીનામું આપવાની સલાહ આપવા માટે કેમ નથી નીકળતો ભલા ? એક તરફ રાષ્ટ્રિયના નિચે તે મહાવીર વિદ્યાલયને બંધ પાડવા સલાહ આપે છે ત્યારે બીજી તરફ શ્રી. મોતીચંદભાઇ સોલીસીટરે પુરૂષવર મહાત્માજીને અહિંસાના પરમ ઉદ્ધારક અને સંતશિરોમણી કહ્યા; એમણે શરૂ કરેલ યુદ્ધને ધર્મયુદ્ધ વર્ણવ્યું; તે સામે આ વાજીંત્ર વિરોધ ઉઠાવે છે; અને શાન્તિ અને અહિંસાના ફિરસ્તા પુણ્યશ્લોક મહાત્માજીને એ, હિંસક વર્ણવે છે. એમને સંતશિરોમણી કહેવા જતાં એના માનેલા વેષધારીઓથી એ પુરૂષવરનું સ્થાન ચડી જતું જણાય છે અને તેથી એ, મહાત્મા ગાંધીજીને ધર્મ વિહીન સામાન્ય ગૃહસ્થ સમ્યકત્વ રહીત હોવાની કંગાળ અને તુચ્છતર ચેષ્ટા કરે છે. યુરોપ, અમેરીકા વિગેરે હિંદ બહારના અને ભારતવર્ષના તમામ તત્વજ્ઞાનીઓ અને સુસદ્દિઓ મહાત્માજીને દુનિયાના સંતશિરોમણી અને મહાન પુરૂષ તરીકે વર્ણવે છે ત્યારે પ્રભુવીરના શાસનનો ઇજારો ખાટી બેઠેલ યુપનું વાજીંત્ર એનો વિરોધ કરે છે. સાચેજ આ વર્ગે આવી બાબતોમાં હસ્તક્ષેપ કરી જૈનત્વને જગતમાં હલકું પાડવાના કૃત્યથી તો વિરમવુંજ જોઇએ. બાટલીબાઇના જમણ પર પિકેટીંગ નથી થયું એમ વાજાં વગાડયા પછી થયું હોય તોય તે વ્યાજબી નથી. આ અને આવાં અનેક અસત્ય પ્રકાશનો માટે આ વર્ગ હવે જાણીતો છે પણ દુનિયાના મહાન પુરૂષની નિંદા કરવાના, ચેડાં કાઢવામાંથી તો, એણે જૈન શાસનના ભલાની ખાતર પણ હટી જવું જોઇએ. એ પુરૂષવરને ઉતારી પાડવા માટે કરોડ વીર શાસનો પણ કમતાકાત છે, તે જેટલું વહેલું સમજાય તેટલું એના પોતાના લાભની વાત છે.

### દલીલનું દિવાળું.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સુરિશ્વરજી મહારાજના સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે શ્રી. રામવિજયજીએ જૈનેતર વિરોધી જે વાકયો ઉચ્ચારેલ એ એમનાં વાકયો જેમના તેમ ઉતારી મેં એની સામે મારો નમ્ર છતાં મજબુત વિરોધ જાહેર કર્યો. દલીલ અને તર્કથી તેની સમીક્ષા કરી અને અપીલ કરી કે જો આમાં માન્યતા ભ્રમ હોય તો શ્રી રામવિજયજી અને બીજાઓએ તે પર શાન્ત પરામર્ષ કરવો છતાં જણાવતાં આશ્ચર્ય અને દુઃખ થાય છે કે વીરશાસનના એજ અગ્રલેખમાં તે પર ગાળાગાળી અને ગ્રામ્યતાજ પ્રકટ થઇ જણાય છે; શાસનપક્ષના કેટલાક તખુલ્લસધારી લેખકોને જવાબ આપવાની શરૂઆત કરી ત્યારથીજ આ ગ્રામ્ય હુમલાઓની કલ્પના કરીજ લીધી હતી, ઝનુની, ઉશ્કેરણી કરતી હોય, ધર્મ, શાસન અને ક્રિયાના દંભી ઓઠાં નીચે અને કર્તવ્યહીન શબ્દ ભ્રમ નીચે ભોળી જનતાને ભરમાવવાનો ધંધો લઇ બેસનાર વર્ગ સામે લખનાર લેખકોએ ચામડી બચાવવાની વૃત્તિ છોડવીજ જોઇએ.

કસ્તુરા અને ઝભલાના હિમાયતીઓ હાથ અને ઝભ ન ચલાવે તો બીજું શું કરે ? જીનમુર્તિની પુજામાં વિકાસ માનનાર ચુસ્ત મૂર્તિપુજક, મૂર્તિપુજાના વિરોધીનાં કાર્યને અયોગ્ય અને વિનીપાતક માનતો હોવા છતાં તેવા ભાઇને સુધારવા ઝંખતો હોવા છતાં એ વર્ગને પોતાના ભાઇ માની શકે આ જન્મ દુશ્મન નજ માની શકે આ મારી દલીલનો એ અગ્રલેખમાં આ રીતે જવાબ મળે છે તે સમજુ વર્ગ જાણશે તો સાચેજ ઘણી

ઉદારી. આ રહ્યો એ દિવાળીઓ જવાબ. "જેટલા પુરતો વિચાર ભેદ હોય તેટલા પુરતી જુદાઈ રાખી બાકીમાં એક થવું આનો અર્થ એ છે કે પોતાની જનની, ભગિની, કે ભાર્યા સાથે દુર્વ્યવહારમાં પડેલા જોડે તેટલા પુરતી જુદાઈ રાખી ભાઈચારો રાખવો. આવી શિક્ષા આ શાસનમાં નથી." વિચાર અને તર્ક સમ્મત ચર્ચાના ક્ષેત્રમાં આવી બખેડા અને પાછી દલીલ યોજનાર પત્રકારીત્વ કેટલી નિમ્ની કોટીએ ઉતરી પડ્યું છે તે વિચારવા સમજુ અને સભ્ય સમાજને અપીલ છે સાથેજ આ જાતનું પત્રકારીત્વ સમાજ અને તેના માનસમાં જે નાશક ચેપ ફેલાવે છે એ ઝેરનું નિવારણ અશક્ય નહિં તો દુઃશક્ય તો છેજ. ધર્મ, નીતિ, સેવા, સંયમ, અને શાસનરક્ષાના ભ્રામક ખ્યાલથી જે ભોળા ભાઈઓ આ જાતના પત્રકારીત્વને પોષતા હોય જેના આંખ અને કાન કમતાકાત ન બન્યા હોય જોવા અને સાંભળવા ખુલ્લા હોય અને જૈનત્વના યશ પ્રકાશરૂપ નાકની જેને જરૂર હોય તેને ઉપરની દલીલ વિચારવા વિનંતિ છે. આ જાતની દલીલના જવાબનો યત્ન વ્યર્થ છે પણ જો જવાબજ જોઈતો હોય તો નૈતીક દોષ સેવનારાઓ સંબંધી જનોને પણ, 'ક્યારેક પણ સુધરશે.' 'બીચારો કર્મ વશ છે' એ આશાએ સાચો જૈન ક્ષમા આપે' અને ભાઈ ગણે. ભગવાનશ્રી પાર્શ્વનાથના પંચમ પટ્ટધર શ્રીકેશી મહારાજના શ્રાવક રાજા પરદેશીએ વિષયોન્મુખ રાણી સુરીકાન્તાના જઘન્ય અપકૃત્યોની ક્ષમા આપી હતી; અને આવાં તો શાસનમાં સેંકડો ઉદાહરણો પડ્યાં છે પણ અભિનિવેષ, મિથ્યાત્વ, ધર્મ અને શાસનના ઓઠાં નિચે નિભાવવા, પોષવા, અને પ્રકાશવા, જેણે ઇરાદાપૂર્વક નિરધાર કર્યો છે તેને શાસ્ત્રો શસ્ત્ર રૂપે, ધર્મ અધર્મ રૂપે, અને સમ્યકત્વ મિથ્યાત્વ રૂપે પરીણમે છે એ શ્રી વીતરાગની વાણી છે. ઇતિશમ્.

પંડિત આણંદજી દેવસિંહ શાહ.

---

## વીરતા અને કોમળતા.

(આપણા શૂર સૈનિક ભાઈ કાન્તિલાલ પારેખનો એક વધારે પત્ર નિચે આપવામાં આવે છે. તે ધરાસણાના છેલ્લા હલ્લામાં અસાધારણ માર ખાધા બાદ વલસાડ હોસ્પીટલમાં સુતા સુતા લખાયલો છે. આ પત્ર લેખકના ભાવનાશીલ અને ધર્મપરાયણ આત્માનો સારો પરિચય આપે છે. પરમાનંદ

સત્યાગ્રહ હોસ્પીટલ, તા૦ ૯-૬-૩૦.

પૂજ્ય બા!

* * *

બા! અત્યાર સુધી હું પોતાને નાસ્તિક તરીકે ઓળખાવવો પસંદ કરતો; જો કે એની પાછળ ભારે વિચાર નહોતા. પણ દિવસે દિવસે હું ઇશ્વરની એવી કોઈ શક્તિમાં માનતો થયો છું. પ્રત્યક્ષ અનુભવતાં કાંઈક છેજ એમ થયા વિના રહેતું નથી. માંડવીમાં......પ્રસંગે શ્રદ્ધાનો પાઠ શીખ્યો હતો તેમ 'નિર્બળ કે બળરામ' એ વસ્તુ મેં અનુભવી. હું જેનું આ તરફ કોઈ સગું વહાલું નથી તેની પ્રભુએજ દરકાર લેવાની છે તેથી એ વસ્તુ સત્યજ છે એમ મને થાય છે. સુરતમાં ઘાયલ થયો અને વલ્લભભાઈએ મારીજ કાળજી રાખી છે એ કેમ ભુલાય? હોસ્પિટલ છોડ્યા પછી મને પરાણે રોજ શીરો ખવડાવનાર એઓ હતા. તે વખતે તેમણે તમારી ગરજ સારી એમ ન માનું તો બીજું શું માનું? ખરું પુછો તો તમારા કરતાંય એમની મારા પ્રત્યેની કાળજીની વધારે કદર મને હોવી જોઈએ.

આ વખતે વલ્લભભાઈ નથી ત્યારે કોઈએ માતાની ગરજ સારી. નવસારીથી ધરાસણા નીકળ્યો ત્યારે પૂજ્ય કસ્તુરબાના મેં આશિષ મેળવ્યાં હતાં. એમને જ્યારે ખબર પડી કે કાન્તિને માર પડ્યો છે ત્યારે તરતજ તેઓ નવસારીથી વલસાડ આવ્યાં અને મારી પૂછા કરી, ત્રીજીએ મને સખ્ત વાગ્યું હતું પણ પગ સાજા હતા એટલે હું વલસાડ હોસ્પિટલમાં નહોતો આવ્યો. મને વલસાડ ન જોયો એટલે એમણે કેટલાયને મારી ખબર પૂછી. પણ પ્રભુ ઇચ્છાએ અણચિન્તવ્યોજ હું કાંઈ કામસર વલસાડ આવ્યો. બા, તે વખતે બાને કાંઈક શાન્તિ થઈ, તેઓએ અતિ આર્દ્રભાવે મારા શરીર પર હાથ ફેરવ્યો અને દધીચિની પેઠે મારું શરીર વજ્ર જેવું થવાનું મેં અનુભવ્યું. ત્રીજીના મારનો ખપ્પઃ દુખાવો સાથેજ તે પછી ન રહ્યો એમ કહીએ તો ચાલે. છઠ્ઠીએ ઘવાયાના ખબર મળતાં તેઓ ઠેઠ ઉંટડી આવ્યાં; આવતાંની સાથે મારી બહુ ખરાબ સ્થિતિ જોઈને તેમનાથી રડી પડાયું. 'કાન્તિ, તું ફરીથી ગયો! પીટિયાઓએ આંધળા થઈનેજ માર્યો છે ને?' એમ કહી મારે શરીરે બાઝી પડ્યાં. બા, મારો તે વખતે એકજ ઉત્તર હતો. "બા, આપણે નહિ જઈએ તો કોણ જશે? ત્રીજીએ વાગેલું સારું થઈ ગયું એટલે આજે જાતે આપના આશિષ સાર્થક કર્યાં." મેં 'આપણે' શબ્દ વાપર્યો એજ બતાવે છે કે હું એમની સાથે કેટલું એકાત્મ્ય અનુભવી શક્યો હતો. બા, સાથેજ તે વખતે મેં માતા પાસે હોવાનું અનુભવ્યું હતું. ઉંટડી આવી જોઈ ગયાં; પછી જ્યારે મને વલસાડ ખસેડ્યો ત્યારે ફરી તેઓ મને મળી ગયાં, અને રોજ રોજ કેમ અવાય? એટલે ગઈ કાલે મારી સાથે જે રાવજીભાઈ ઘવાયા છે તેમનાં પત્ની આવ્યા એમની સાથે ખાસ આશિષ મોકલ્યાં.

ધુલેડમાં ઘાયલ થયો હતો ત્યારે પૂજ્ય બાપુજીએ હસતે મુખડે આશ્રમને મરી દેખાડવા લખેલું એ પ્રમાણે આ વખતે મરી તો નહિ પણ માર ખાઈ શક્યો છું એટલી હિમ્મત વધી. હવે મરવાનો પ્રસંગ સાંપડતાં પ્રભુ આજ રીતે સામી છાતીએ હસતે મુખડે મરવાની શક્તિ આપે એજ પ્રાર્થના છે.

છઠ્ઠીના હલ્લા પહેલાંની રાતે હું દેરાસર ગયો હતો. મને તે વખતે કાંઈ યાદ નહોતું આવતું. ફક્ત કાઉસગ્ગ ધ્યાનમાં ઉભેલા મહાવીર અને ખીલા ઠોકતા તથા ખીર રાંધતા ભરવાડ એ ચિત્રજ ધ્યાનમાં રાખી ૬ ઠ્ઠીએ મેદાનમાં ગયો અને તેનું ચિન્તવન કરી માર ખાઈ આવ્યો. કાનમાં ખીલા ઠોકાય અને પગ પર ખીર રંધાય છતાં ચુંકાર ન કરવાની શક્તિ તો ક્યારે આવશે એ તો પ્રભુજ જાણે પણ એ પ્રસંગ આવે તો પણ પાછા ન હઠવાની મહત્વાકાંક્ષા તો છેજ. પ્રભુ તે પુરી કરે એટલે બસ.

ત્રીજી કરતાં આ વખતનો માર સખ્ત હતો. એક એક અંગ નકામું થયું હતું. પણ શરીર કસાયેલું અને તાકાત વધારે એટલે મને સારું થતાં વાર નથી લાગતી.

પચાસ પચાસ લાઠી પડવા છતાં હું બેભાન નહોતો થયો એ મારા કસાયેલા શરીરની સાબીતી છે.

* * *

તમારા કાન્તિના પ્રણામ.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઈ નં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.